PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

શુક્રવાર

તા.૦૬/૧૧/૨૦૨૬

Year- 01 | Issue-217 | Editor - Gajera Divya | Date: 06 November-2026 Friday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

## ભારત માટે ખુલશે વેપાર કરાર અને H-1B વિઝાની નવી તકો

**વોશિંગ્ટન/નવી દિલ્હી, તા. ૫**

અમેરિકાની સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ સ્થપાતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મધ્યસત્ર ચૂંટણીના આ પરિણામો બાદ ટ્રમ્પને પોતાના એજન્ડા અને નીતિઓ આગળ વધારવામાં કોંગ્રેસના કડક વિરોધનો સામનો કરવો પડશે, જેની સીધી અસર ભારત અને પાકિસ્તાન સાથેના અમેરિકાના સંબંધો પર પણ જોવા મળશે. ખાસ કરીને ભારત માટે ટેરિફ નીતિ, લાંબા સમયથી અટવાયેલા વેપાર કરારો અને H-1B વિઝા જેવા મહત્ત્વના મુદ્દાઓ પર નવી તકો ઊભી થવાની પૂરી સંભાવના છે.અમેરિકી કોંગ્રેસમાં બદલાયેલા રાજકીય સમીકરણોની ભારત પર સૌથી સકારાત્મક અસર વેપાર કરારની વાટાઘાટોમાં જોવા મળી શકે છે.

ટ્રમ્પ માટે આ પરિસ્થિતિમાં પોતાની રાજકીય છબી મજબૂત કરવા વિદેશ નીતિમાં કોઈ મોટી સફળતા મેળવવી અનિવાર્ય બનશે, જેથી ભારત સાથે ઝડપથી વેપાર કરાર કરવાના તેમના એજન્ડાને વેગ મળી શકે. ભારત પણ આ સ્થિતિનો લાભ લઈને પોતાના હિતમાં વધુ સારી શરતો મેળવવા પ્રયાસ કરશે. જોકે, ચીન અને વિયેતનામ જેવા સ્પર્ધક દેશોની સરખામણીમાં અનુકૂળ ટેરિફ શરતો મેળવવાના માર્ગમાં ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળની તપાસ જેવા અવરોધો પણ યથાવત્ છે.

## અયોધ્યા, કાશી, મથુરાના મંદિરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની મળી ધમકી

**નવી દિલ્હી,** દિવાળી સમયે ઉત્તર પ્રદેશના જે મુખ્ય મંદિરોમાં લોકોની ભીડ સૌથી વધુ જોવા મળે છે તેવા મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. દિવાળીના દિવસે એટલે કે ૮ નવેમ્બરે મથુરા, અયોધ્યા, કાશીના પ્રમુખ મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ઈમેલ દ્વારા આપવામાં આવી છે. આ ધમકી પછી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે અને મંદિરોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. જાણવા મળતી માહિતી અનુસાર અયોધ્યા, મથુરા, કાશી સહિતના ઉત્તર પ્રદેશના મુખ્ય ધાર્મિક સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી એક ઈમેલ દ્વારા આપવામાં આવી છે.



# રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે, SIR પર ચર્ચા કરે

## હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા

**હરિયાણા, તા.૫**

વિપક્ષ દ્વારા સતત SIRની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ રાહુલ ગાંધીના નેતૃત્વમાં INDIA બ્લોકની રેલી પણ દિલ્હીમાં યોજાઈ હતી. વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ત્યારે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના કરનાલથી રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર આપ્યો છે. તેમણે કહ્યું કે જો રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે અને મતદાર યાદીના સુધારણા એટલે કે SIR (Special Intensive Revision) મુદ્દે ચર્ચા કરે. એટલું જ નહીં, અમિત શાહે કહ્યું કે સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવા પણ તૈયાર છે. તેમણે રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માંગ કરવા પણ કહ્યું છે.

હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીને ચર્ચા માટે પડકારી રહ્યા છે, પરંતુ જો તેઓ ખરેખર ચર્ચા કરવા માંગતા હોય તો તેમણે આગળ આવવું જોઈએ. અમિત શાહે રાહુલ ગાંધીને સીધો સંદેશ આપતાં કહ્યું હતું કે, તમે મોદીજીને ચર્ચા માટે પડકારી રહ્યા છો. જો ખરેખર ચર્ચા કરવી હોય તો તેમને એક પત્ર લખો. અમે સંસદનું વિશેષ સત્ર બોલાવીને આ મુદ્દે ચર્ચા કરવા તૈયાર છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર SIR મુદ્દે સંસદમાં ઉઠાવવામાં આવતા દરેક સવાલનો જવાબ આપવા તૈયાર છે.

SIRને લઈને છેલ્લા કેટલાક સમયથી રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. વિપક્ષ દ્વારા ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો મતદાર યાદીના પુનઃનિરીક્ષણની પ્રક્રિયા સામે વાંધો વ્યક્ત કરી રહ્યા છે.

૧ નવેમ્બરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં દિલ્હીના રામલીલા મેદાનમાં વિપક્ષ દ્વારા મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં SIR સહિતના મુદ્દાઓને લઈને સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હવે અમિત શાહે સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવીને કોંગ્રેસને સીધો પડકાર આપ્યો છે.

અમિત શાહે પોતાના સંબોધનમાં કોંગ્રેસની ચૂંટણીની કામગીરી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે દેશની જનતાએ સતત ત્રીજી વખત નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીઓમાં પણ કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો છે. હરિયાણાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં અમિત શાહે દાવો કર્યો હતો કે મતગણતરીના શરૂઆતના પાંચ તબક્કા બાદ જ કોંગ્રેસને પોતાની સ્થિતિનો અંદાજ આવી ગયો હતો. તેમ છતાં પાર્ટીને સત્તામાં પાછા ફરવાની આશા હતી. તેમણે કહ્યું કે હરિયાણાની જનતાએ સતત ત્રીજી વખત ભાજપને તક આપી અને નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા. ગૃહમંત્રી અમિત શાહે પોતાના ભાષણમાં મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર અને આસામની ચૂંટણીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે સતત ચૂંટણીમાં મળતી હારને કારણે રાહુલ ગાંધી પરેશાન છે અને હવે પોતાની હારનો દોષ ચૂંટણી પંચ તથા મતદાર યાદીના SIR પર ઢોળી રહ્યા છે. અમિત શાહે કોંગ્રેસને સલાહ આપતાં કહ્યું કે આક્ષેપો કરવાને બદલે લોકશાહી પ્રક્રિયા અને SIR જેવા મુદ્દાઓ પર સંસદમાં આવીને ચર્ચા કરવી જોઈએ. હવે આ મુદ્દે રાહુલ ગાંધી શું જવાબ આપે છે અને સરકાર ખરેખર વિશેષ સંસદ સત્ર બોલાવે છે કે નહીં તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.




## CNG ૧૦૦ને પાર

### ૧૪ દિવસમાં બીજીવાર ભાવ વધ્યા

**નવી દિલ્હી,** અમદાવાદીઓને દિવાળી પહેલા જ વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અદાણીએ સીએનજીના ભાવમાં માત્ર ૧૪ દિવસના ગાળામાં જ બીજો મોટો વધારે ઝીંકી દીધો છે. આ વખતે સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ.૨.૩૦નો વધારો ઝીંકવામાં આવતા સીએનજીના નવા ભાવ રૂ.૧૦૦.૭૭ ને વટાવી ગયો છે.ઉલ્લેખનીય છે કે અગાઉ અદાણીએ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ એકઝાટકે ૪ રૂપિયાથી વધુનો વધારો ઝીંકતા સીએનજી પ્રતિ કિલોએ રૂ.૯૮.૪૭ એ પહોંચી ગયો હતો. આ સાથે તહેવાર ટાણે જ હવે લોકોના ખિસ્સા પર મોટી કાતર ફરશે. ટેક્સી-રિક્ષાના ભાડા આકાશ આંબી શકે છે. વાહનચાલકોની સાથે સાથે મુસાફરોને પણ આ ભાવ વધારો નડશે એ નક્કી છે.અગાઉ ૧ ઓગસ્ટના રોજ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો વધારો થયો હતો. ત્યારબાદ ઓક્ટોબરમાં પણ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો એકઝાટકે વધારો કરાયો હતો અને હવે સીધો ૨.૩૦ રૂપિયાનો પ્રતિ કિલોએ વધારો આવતા ત્રણ મહિનામાં જ સીએનજીના ભાવ આકાશ આંબી ગયા છે અને ૧૦૦ને પાર જતા રહ્યા છે.



## ટેક્સના પૈસા બોમ્બમારા માટે નહીં, બાળકોના ભવિષ્ય માટેઃ અબ્દુલ

**વોશિંગ્ટન,** અમેરિકાના મિશિગનમાં સેનેટની ચૂંટણીમાં ડેમોક્રેટિક ઉમેદવાર અબ્દુલ અલ-સૈયદે રિપબ્લિકન ઉમેદવાર માઇક રોજર્સને હરાવી જીત નોંધાવી હતી. આ જીત સાથે તેઓ અમેરિકી સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બન્યા છે. જીત બાદ પોતાના સંબોધનમાં તેમણે અમેરિકાની રાજકીય વ્યવસ્થામાં કોર્પોરેટ કંપનીઓ અને અબજોપતિઓના પ્રભાવ સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે અમેરિકાના નાગરિકોના ટેક્સના પૈસા તેમના અને તેમનાં બાળકોના ભવિષ્ય માટે ખર્ચાવા જોઈએ, બીજા દેશોનાં બાળકો પર બોમ્બમારો કરવા માટે નહીં.અબ્દુલ અલ-સૈયદે જીત બાદ કહ્યું હતું કે અમેરિકાએ ફરીથી મહાન બનવાની જરૂર નથી, પરંતુ જે બાબતોએ તેને હંમેશાં મહાન બનાવ્યું છે તેને અપનાવવાની જરૂર છે. તેમના મતે, પોતાની ખામીઓને અવગણવાને બદલે તેને સુધારવાની હિંમત જ અમેરિકાની સાચી તાકાત છે. તેમણે એવી કોર્પોરેટ કંપનીઓ અને અબજોપતિઓના ખાસ હિતોને પડકારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમણે વ્યવસ્થાને પોતાના પક્ષમાં કરી લીધી છે.

## ‘સંસદનું કામ અમે ના કરી શકીએ’ : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી, તા.૫**

સુપ્રીમ કોર્ટે લોકસભા અને વિધાનસભાની અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત રાખવામાં આવેલી બેઠકો પર દરેક ચૂંટણીમાં રોટેશન (અદલાબદલી) નીતિ લાગુ કરવાની માંગણી ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની પીઠે સ્પષ્ટ કર્યું છે કે અનામત બેઠકોની નીતિ નક્કી કરવી કે તેમાં ફેરફાર કરવો એ સંસદના અધિકાર ક્ષેત્રનો વિષય છે. ન્યાયતંત્ર સંસદને આ અંગે કોઈ નવો કાયદો બનાવવાનો કે વર્તમાન કાયદામાં સુધારો કરવાનો આદેશ આપી શકે નહીં.

આ સમગ્ર વિવાદ ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાની ૧૯૧-કાદીપુર વિધાનસભા બેઠક સાથે જોડાયેલો છે. આ ક્ષેત્રના મતદાતા જગદીશ સિંહે અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે આ બેઠક છેલ્લા સાત દાયકાથી સતત SC સમુદાય માટે અનામત રાખવામાં આવી છે. રોટેશન સિસ્ટમ ન હોવાને કારણે અન્ય વર્ગના ઉમેદવારોને ચૂંટણી લડવાનો મોકો મળતો નથી અને અનામતનો લાભ માત્ર અમુક જ પરિવારો સુધી સીમિત રહી જાય છે. તેથી પંચાયતો અને નગરપાલિકાઓની જેમ લોકસભા અને વિધાનસભામાં પણ રોટેશન નીતિ લાગુ કરવી જોઈએ.

## દેશભરમાં હવામાનનો મિજાજ બદલાયો, વરસાદની આગાહી

**નવી દિલ્હી, તા.૫**

દેશભરમાં હવામાનનો મિજાજ ફરી એકવાર પલટાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા આગામી સમય માટે મોટું અપડેટ સામે આવ્યું છે, જેમાં દેશના ૧૪ જેટલા રાજ્યોમાં આગામી કલાકો અને દિવસો દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. ચક્રવાતી તોફાન ‘મુરાસુ’ની અસર હવે ધીમે ધીમે નબળી પડી રહી છે, તેમ છતાં વાતાવરણમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં ૬૦ થી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે.IMD ની આગાહી મુજબ, દક્ષિણ અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે.

તમિલનાડુ, અંદામાન અને નિકોબાર ટાપુઓ, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં હળવાથી મધ્યમ તેમજ કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.

## કસ્ટડી અને એરેસ્ટ વચ્ચેની ભેદરેખા સુપ્રીમ કોર્ટે ભૂંસી નાખી

**પોલીસની કામગીરીને ખુલ્લી પાડતા મહત્વનો ચુકાદોઃ હવે કોઈ વ્યક્તિને પોલીસ અટકાયત કરે તો પણ ૨૪ કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર કરવા પડશે**

**નવી દિલ્હી,** સુપ્રીમ કોર્ટે આપેલા મહત્વપૂર્ણ ચુકાદામાં એવુ જણાવ્યું છે કે, કોઈ પણ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટેની ૨૪ કલાકની સમયમર્યાદા તે જ ક્ષણથી શરૂ થાય છે જ્યારે જે તે વ્યક્તિને પોલીસની કસ્ટડીમાં લેવામાં આવ્યા હોય. અટકાયત બાદ કરતી ધરપકડથી ૨૪ કલાક નહીં ગણાય. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતા ભારપૂર્વક એમ પણ જણાવ્યું હતું કે કસ્ટડી અને ધરપકડ વચ્ચે કૃત્રિમ તફાવત ઊભો કરવાનો કોઈપણ પ્રયાસ બંધારણીય રીતે અસ્વીકાર્ય છે.ન્યાયમૂર્તિ ઉજ્જ્વલ ભુયાન અને ન્યાયમૂર્તિ અતુલ એસ. ચંદુરકરની ખંડપીઠે જણાવ્યું હતું કે, ૨૪ કલાકનો સમયગાળો માત્ર ઔપચારિક ધરપકડ પછી જ શરૂ થાય છે તેવો દૃષ્ટિકોણ, બંધારણની કલમ ૨૨(૨) અને ‘ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા’ (BNSS) ની કલમ ૫૮ ની જોગવાઈઓથી વિપરીત છે. ઔપચારિક ધરપકડ પહેલાં પૂછપરછ કે તપાસમાં વિતાવેલો સમય, કુલ ૨૪ કલાકની સમયમર્યાદામાંથી બાદ કરી શકાતો નથી. કોર્ટે વધુમાં નોંધ્યું કે આવી બાદબાકી કરવી એ કલમ ૨૨(૨) ના દાયરાની બહાર ગણાશે.

કોર્ટે નિર્દેશ કર્યો કે બંધારણમાં માત્ર એક જ અપવાદની જોગવાઈ છે. ધરપકડના સ્થળેથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી પહોંચવા માટે વાજબી રીતે જરૂરી સમય. પરિણામે, એવો તર્ક કે કલમ ૨૨(૨) હેઠળનો ૨૪ કલાકનો સમયગાળો સર્ચ અને જમીની કાર્યવાહી પૂર્ણ થયા પછી અથવા ધરપકડ કરનાર અધિકારી દ્વારા નોંધવામાં આવેલા ધરપકડના સમયથી શરૂ થાય છે.




## ચૂંટણી પંચના કામકાજમાં મોટો બદલાવ કરવામાં આવ્યો

**નવી દિલ્હી,** ચૂંટણી પંચ (ECI) દ્વારા પોતાના આંતરિક કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ હવે ચૂંટણી પંચની બેઠકોના એજન્ડા અગાઉથી જાહેર કરવામાં આવશે, જ્યારે બેઠકોમાં થયેલી ચર્ચા અને લેવાયેલા નિર્ણયોની વિગતો એટલે કે મિનિટ્સ પણ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત પંચના અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં મંજૂરી લેવી પડશે. બીજી તરફ, મતદાર યાદીની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન ફોર્મ-૬માં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચની કામગીરીમાં પારદર્શિતા લાવવાના હેતુથી હવે બેઠકોનો એજન્ડા અગાઉથી જાહેર કરવાની સાથે બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ અને કયા નિર્ણયો લેવામાં આવ્યા તેની વિગતો પણ જાહેર કરવામાં આવશે. અત્યાર સુધી આ પ્રકારની માહિતી જાહેર કરવાની નિયમિત વ્યવસ્થા નહોતી. નવા નિર્ણયથી ચૂંટણી પંચની કામગીરી અંગે લોકો વધુ સ્પષ્ટ માહિતી મેળવી શકશે.નવા નિયમો અનુસાર ચૂંટણી પંચમાં કાર્યરત અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં પંચની પૂર્વમંજૂરી મેળવવી પડશે. આ ઉપરાંત કોઈ પણ નવા IT મોડ્યુલને સીધું પંચ સમક્ષ રજૂ કરી શકાશે નહીં.

## માછીમારોને બચાવવા ગયેલી SDRFની બે બોટ પલટી, ૧૦ જવાનો ગુમ

**મુરાસુ ચક્રવાતના ભારે વરસાદ વચ્ચે ખમ્મમના તળાવમાં સર્જાઈ દુર્ઘટના, NDRFની ટીમો પણ બચાવ કામગીરીમાં જોડાઈ**

**નવી દિલ્હી, તા.૫**

તેલંગાણાના ખમ્મમ જિલ્લામાંથી એક અત્યંત ચિંતાજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના સથુપલ્લી મંડળમાં આવેલા બેથુપલ્લી તળાવમાં પૂરના પાણીમાં ફસાયેલા માછીમારોના જૂથને બચાવવાના પ્રયાસ દરમિયાન સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની બે બોટ પલટી ગઈ હતી. આ ભયાનક અકસ્માત બાદ SDRF ના આશરે ૧૦ જવાનો પૂરના ધસમસતા પ્રવાહમાં ગુમ થઈ ગયા છે. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે અને મોટા પાયે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.અહેવાલો અનુસાર, આંધ્રપ્રદેશની સરહદે આવેલા ખમ્મમ જિલ્લામાં હાલમાં ‘મુરાસુ’ ચક્રવાતની અસરના કારણે અનરાધાર વરસાદ પડી રહ્યો છે. બુધવારે સાંજે તળાવમાં કેટલાક માછીમારો ફસાયા હોવાની માહિતી મળતાં SDRFની ટીમો બે બોટ મારફતે તેમને સલામત સ્થળે ખસેડવા માટે ઓપરેશન ચલાવી રહી હતી. આ દરમિયાન પાણીના કાળઝાળ પ્રવાહ અને ખરાબ હવામાનને કારણે બંને બોટ નિયંત્રણ ગુમાવી બેસતાં પલટી ગઈ હતી.ઘટના અંગે માહિતી મળતાં જ ખમ્મમ જિલ્લા કલેક્ટર દિવાકર ટી.એસ. અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ગુમ થયેલા જવાનોની શોધખોળ માટે વધારાની ટીમો તૈનાત કરવામાં આવી છે.આ ઘટના અંગે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડીને તુરંત માહિતગાર કરવામાં આવ્યા હતા.

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Friday, 06 November-2026
શુક્રવાર, તા.૦૬/૧૧/૨૦૨૬

# સુરતમાં PM સ્વનિધિ યોજનાથી ૧.૫૧ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૨૫૬ કરોડની લોન સહાય

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૫**

નાના વેપારીઓ, ફેરિયાઓ અને સ્વરોજગારી સાથે જોડાયેલા લોકોને આર્થિક રીતે સક્ષમ બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલી 'પી.એમ. સ્વનિધિ યોજના' સુરત શહેરમાં અનેક પરિવારો માટે આર્થિક આત્મનિર્ભરતાનું માધ્યમ બની છે. કોવિડ મહામારી દરમિયાન આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા નાના અને છૂટક વેપારીઓને ફરીથી વ્યવસાય શરૂ કરવામાં મદદરૂપ બનેલા આ યોજના હેઠળ છેલ્લા છ વર્ષમાં સુરતના અંદાજે ૧.૫૧ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૨૫૬.૦૨ કરોડથી વધુની લોન સહાય આપવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાના UCD વિભાગના વિભાગીય



અધિકારીના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધી યોજનાના ત્રણેય તબક્કા હેઠળ શહેરના ૧.૫૧ લાખથી વધુ લાભાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. ગેરંટી વિના સરળતાથી મળતી લોન અને ડિજિટલ પેમેન્ટના ઉપયોગને પ્રોત્સાહન મળવાથી નાના વેપારીઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા અને આગળ વધારવામાં મદદ મળી રહી છે. આ યોજના દિવ્યાંગ વેપારીઓ માટે પણ આર્થિક આશીર્વાદરૂપ બની છે. દૃષ્ટિ અને શારીરિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓએ યોજનાની મદદથી

### ગેરંટી વિના લોન મેળવી નાના વેપારીઓ અને ફેરિયાઓ બન્યા આત્મનિર્ભર; દિવ્યાંગ લાભાર્થીઓને પણ સ્વરોજગારીમાં મળ્યું આર્થિક પીઠબળ

સ્વરોજગારીમાં નવી દિશા મેળવી છે.

જન્મથી દૃષ્ટિની દિવ્યાંગતા ધરાવતા સંદીપભાઈ જૈને પરિવારનું ગુજરાન ચલાવવા માટે STD-PCO બૂથથી લઈને ટ્રેન અને રસ્તાઓ પર ફેરી કરી હતી. મુંબઈના મલાડ બ્રિજ પર પાપડ વેચીને પણ તેમણે આજીવિકા મેળવી હતી. વર્ષ ૨૦૧૪થી સુરતના ઘોડદોડ વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ શાળાના ગેટ પાસે ફૂટપાથ પર તૈયાર નાસ્તાનું વેચાણ શરૂ કર્યું હતું. કોરોનાકાળ દરમિયાન સર્જાયેલી આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર આવવા તેમણે પી.એમ. સ્વનિધિ યોજનાનો લાભ લીધો હતો. યોજનામાંથી મળેલી લોન સહાયથી કાઉન્ટર શરૂ કરી વ્યવસાયને વધુ સ્થિરતા આપી હતી. તેમના જણાવ્યા મુજબ, આ યોજનાએ સ્વરોજગારીનું કામ આગળ વધારવામાં મદદ કરી છે.

પગથી દિવ્યાંગ નરેશભાઈ મકવાણા અગાઉ રોડસાઈડ કેબિનમાં મોબાઈલ એસેસરીઝ વેચવાનો વ્યવસાય કરતા હતા. તેમણે પી.એમ. સ્વનિધિ યોજનાના ત્રણેય તબક્કાની લોનનો સમયસર લાભ મેળવ્યો હતો. ત્યારબાદ પત્નીના હેન્ડમેડ આર્ટિફિશિયલ જ્વેલરીના વ્યવસાયમાં પણ જોડાયા હતા.

# વર્ષ જૂના અપહરણ, મારપીટ અને લૂંટના કેસમાં સોનુ રાઠોડ નિર્દોષ

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતના નામાંકિત એડવોકેટ ઝમીર શેખ અને રાજુ સોનીની ધારદાર દલીલોને લઇ સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૧૨ ના એક ગંભીર અપહરણ, મારપીટ અને લૂંટના કેસમાં આરોપી સોનુ ક્રિષ્ના રાઠોડને નિર્દોષ જાહેર કર્યો છે. ૧૪ વર્ષ લાંબા સમય સુધી ચાલેલા ન્યાયિક પ્રવાસમાં અંતે પુરાવાના અભાવે કોર્ટે ચુકાદો આપ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૨૭ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ ફરિયાદી જયકિશન ખત્રી મુંબઈથી સૌરાષ્ટ્ર મેલ દ્વારા સુરત રેલવે સ્ટેશન પહોંચ્યા હતા.

જ્યાં તેમની સાથે બોલાચાલી કરી બળજબરીથી અપહરણ કરી સુરતના ફૂલવાડી વિસ્તારમાં ગોંધી રાખવા તથા ગોધરા લઈ જઈ ભંડારામાં કામ કરાવવા અને લૂંટ

### એડવોકેટ ઝમીર શેખ અને રાજુ સોનીની ધારદાર દલીલો બાદ સેશન્સ કોર્ટનો ચુકાદો

ચલાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરી હતી, જે કેસ સેશન્સ કોર્ટમાં કમિટ થતાં સેશન્સ કેસ નં. ૩૩૮/૨૦૧૨ તરીકે નોંધાયો હતો. આ કેસમાં અગાઉ અન્ય આરોપીઓ વિરુદ્ધ ચૂકાદો આવી ચૂક્યો હતો, પરંતુ આરોપી સોનુ રાઠોડ નાસતો ફરતો હોવાથી તેના પ્રત્યેની ટ્રાયલ મોડી પૂર્ણ થઈ હતી. ટ્રાયલ દરમિયાન એડવોકેટ ઝમીર શેખ અને રાજુ સોનીની ધારદાર દલીલો બાદ કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓમાં તથા ફરિયાદીના નિવેદનોમાં પરસ્પર વિરોધાભાસ જોવા મળ્યો હતો. ઈજાઓ અંગેના મેડિકલ પુરાવાઓ ન હોવા, ઓળખપરેડના પંચો દ્વારા સમર્થન ન કરવામાં આવવું અને પોલીસ તપાસમાં રહેલી ક્ષતિઓને કારણે ગુનો નિઃશંકપણે સાબિત થઈ શક્યો ન હતો.

ન્યાયાધીશ શ્રી પીયૂષકુમાર અશોકભાઈ પટેલે ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપી સોનુ ક્રિષ્ના રાઠોડ સામેના તમામ આક્ષેપોમાંથી તેને નિર્દોષ મુક્ત કરવાનો હુકમ કર્યો છે. સાથે જ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ. ૧૫,૦૦૦ ના જામીન અને જાત મુચરકો રજૂ કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે.

# પ્રેમલગ્નની અદાવતમાં યુવતીના પરિવારનો યુવકના ભાઈ પર હુમલો

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૫**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં પ્રેમલગ્નની અદાવતમાં યુવતીના પરિવારજનો દ્વારા યુવકના ભાઈ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. જાહેર રસ્તા પર ત્રણ શખ્સોએ યુવકને આંતરી લાકડાના ફટકા વડે માર મારતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલામાં યુવકના ડાબા પગમાં ફ્રેક્ચર થયું હોવાનું સામે આવ્યું છે. આ મામલે પુણા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પુણાગામની દાનગીગેવ સોસાયટીમાં રહેતા હિંમતભાઈ બાબુભાઈ જાદવે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેમના પુત્ર જતીને ધનજીભાઈ ઢાપાની પુત્રી રિંકલ સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ બંને ઘરેથી અલગ થઈ જતાં બંને પરિવારો વચ્ચે અદાવત ઊભી થઈ

### કાપોદ્રામાં જાહેર રસ્તા પર લાકડાના ફટકા મારી પગ તોડી નાખ્યો; ત્રણ શખ્સો હુમલો કરી ફરાર, પુણા પોલીસે ફરિયાદ નોંધી

હતી. આ બાબતે ધનજીભાઈએ અગાઉ હિંમતભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. દરમિયાન ગત ૨ નવેમ્બરની રાત્રે આશરે નવ વાગ્યાના અરસામાં હિંમતભાઈનો બીજો પુત્ર ચંદ્રેશ કામ પરથી ચાલતો ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે કાપોદ્રા અક્ષર ડાયમંડ સોસાયટીમાં જેકશન ટેલરની દુકાન પાસે ધનજીભાઈનો ભત્રીજો કિશન હિંમતભાઈ ઢાપા, બનેવી સુરેશ શામજીભાઈ બાંભણિયા અને વિજય ગોરધનભાઈ ડાભી મોટરસાઈકલ પર આવી પહોંચ્યા હતા.

વિજયે ચંદ્રેશની આંખો પર હાથ રાખી તેને પકડી લીધો હતો, જ્યારે સુરેશે તેને શરીરે ઢીકામુક્કીનો માર માર્યો હતો. બીજી તરફ કિશને લાકડાના ફટકા વડે કમરના નીચેના ભાગે તેમજ બંને પગ પર આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં ચંદ્રેશના ડાબા પગમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલો કર્યા બાદ ત્રણેય શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ૪ નવેમ્બરના રોજ ફરિયાદ નોંધાતા પુણા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# મહિધરપુરામાં વેપારીનો મોબાઈલ ઝૂંટવી બે શખ્સો ફરાર

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૫**

સુરતના મહિધરપુરા વિસ્તારમાં રાત્રિના સમયે પગપાળા પસાર થઈ રહેલા વેપારીના હાથમાંથી પલ્સર મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો મોબાઈલ ફોન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. આ બનાવના છ દિવસ બાદ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

રાજસ્થાનના બાંસવાડા ખાતે રહેતા અને વેપારના કામકાજ સાથે સંકળાયેલા ૩૫ વર્ષીય ઉમેશ ભરતલાલ દરજી ગત ૨૯ ઓક્ટોબરની રાત્રે આશરે ૧૧:૪૦થી ૧૨ વાગ્યાના સમયગાળા દરમિયાન સુરતના મહિધરપુરા વિસ્તારમાં અમીષા

### પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ દ્વારા ચીલઝડપ

ચાર રસ્તા પાસે હોટલ સહયોગની સામે જાહેર રસ્તા પરથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પલ્સર મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ઉમેશભાઈના હાથમાંથી એપલ "રેડ્મી ૧૪" સ્ક્રિટ ઝૂંટવી લીધો હતો. આશરે રૂ.૩૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધા બાદ બંને શખ્સો મોટરસાયકલ પર ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મહિધરપુરા પોલીસે મોબાઈલ સ્નેચરો વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓની સુવિધા માટે નવી તબીબી સેવાઓનો પ્રારંભ, કેટલીક સુવિધાઓનું સ્થળાંતર

### ઓડિયોમેટ્રી સેવા શરૂ થતાં સાંભળવાની ખામીનું નિદાન અને અપંગતા પ્રમાણપત્ર મેળવવામાં દર્દીઓને મળશે સરળતા



**દ્રષ્ટિકોણ-સુરતઃ** નવી સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને વધુ સારી, સુલભ અને ઝડપી તબીબી સેવાઓ મળી રહે તેવા હેતુથી નવી સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે, તેમજ કેટલીક તબીબી સુવિધાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.પારુલબેન વડગામાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ આયોજનથી દર્દીઓને એક જ સ્થળે જરૂરી તપાસની સુવિધા ઉપલબ્ધ બનશે અને બિનજરૂરી અવરજવરથી મુક્તિ મળશે.

હોસ્પિટલના સ્ટેમ સેલ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ઈદ્ર OPDની બાજુમાં ઓડિયોમેટ્રી સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માટે ઓડિયોલોજિસ્ટ ટેકનિશિયનની પણ નિમણૂક કરવામાં આવી છે. આ સુવિધાથી સાંભળવાની ક્ષમતા સંબંધિત વિવિધ પ્રકારની ખામીઓનું નિદાન હોસ્પિટલ ખાતે જ થઈ શકશે. સાથે જ અપંગતા પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી તપાસની સુવિધા પણ ઉપલબ્ધ થતા દર્દીઓને નવી સુવિધા ઉપલબ્ધ થશે.

જૂના ટ્રોમા સેન્ટર (ડેન્ટલ OPD બિલ્ડિંગ) ખાતે OPG (દાંતનો પેનોરેમિક એક્સ-રે) મશીનની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત અહીં નવા એક્સ-રે મશીનો પણ મૂકવામાં આવ્યા છે. જેના પરિણામે ડેન્ટલ, સર્જરી, પલ્મોનરી OPD સહિત અન્ય વિભાગોના દર્દીઓને એક્સ-રે અને જરૂરી તપાસ માટે અન્ય બિલ્ડિંગમાં જવું નહીં પડે. એક જ સ્થળે તપાસની સુવિધા મળવાથી દર્દીઓનો સમય બચશે અને સારવાર પ્રક્રિયા વધુ સરળ બનશે.

આ તમામ સુવિધાઓના સુચારુ આયોજન અને અમલીકરણમાં RMO ડો. લક્ષ્મણ તાહિલિયાણી, ENT વિભાગનાં વડા ડો. ઉર્વશીબેન પટેલ, રેડિયોલોજી વિભાગના વડા ડો. હેનલભાઈ ભગત, સ્ટેમ સેલ બિલ્ડિંગના નોડલ ઓફિસર ડો. આર.ડી. બર્મન, જૂના ટ્રોમા બિલ્ડિંગના નોડલ ઓફિસર ડો. સુમિત જગાણી ઓડિયોલોજીસ્ટશ્રી પ્રતિકભાઈ મિશ્રા તથા નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ નિરજાબેન પટેલ દ્વારા સંકલન અને સહયોગ આપવામાં આવ્યો છે.નવી સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીલક્ષી અભિગમ સાથે તબીબી સેવાઓને વધુ સુલભ, સુવ્યવસ્થિત અને સુવિધાજનક બનાવવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

# ખોટી ઓળખ આપી અવધ ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓ સાથે રૂ.૧૩.૬૭ લાખની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૫**

સુરતના સારોલી વિસ્તારમાં આવેલી અવધ ટેક્સટાઈલ માર્કેટ-૨માં કાપડના વેપારીઓ સાથે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ત્રણ શખ્સોએ ખોટી ઓળખ આપી લક્ષ્મી નારાયણ ફેબના નામે કાપડનો મોટો જથ્થો મંગાવી વેપારીઓને રૂ.૧૩.૬૭ લાખથી વધુનો ચૂનો ચોપડ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ કુલ ૯૫,૫૮૪ મીટર કાપડ ટેમ્પામાં ઉતરાવી લીધા બાદ તેને સગેવગે કરી નાખ્યું હોવાનો આક્ષેપ છે.

આ અંગે યોગીચોકના વનમાળી પાર્કમાં રહેતા અને કાપડનો વેપાર કરતા નિલેશભાઈ ગોવિંદભાઈ સવાણીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, સારોલીની અવધ ટેક્સટાઈલ માર્કેટ-૨માં દુકાન નંબર ૩૦૩૦-૩૧ ખાતે લક્ષ્મી નારાયણ ફેબના નામે વેપાર કરતા શખ્સોએ ઓગસ્ટ મહિનાના અંતથી

### ત્રણ શખ્સોએ લક્ષ્મી નારાયણ ફેબના નામે કાપડનો જથ્થો મંગાવ્યો; ૯૫,૫૮૪ મીટર કાપડ ટેમ્પામાં ભરી સગેવગે કરી નાખ્યાનો આક્ષેપ

સપ્ટેમ્બરની શરૂઆત દરમિયાન કાપડનો જથ્થો મંગાવ્યો હતો. આરોપીઓએ નિલેશભાઈની કંથ ફેબ્રિક્સ પેઢીમાંથી ૨૫,૨૮૯ મીટર માઈક્રો ગ્રે કાપડ, જેની કિંમત રૂ.૩,૦૪,૪૬૨ થાય છે, તેમજ તેમના મિત્ર પિયુષભાઈ કેવડિયાની વણિરાજ ટેક્સટાઈલ્સ પેઢીમાંથી ૬૦,૨૪૧ મીટર કાપડ, જેની કિંમત રૂ.૭,૨૫,૨૫૯ થાય છે, તે મંગાવ્યું હતું.

આમ બંને પેઢીમાંથી કુલ રૂ.૧૦,૨૯,૭૧૧નું કાપડ મોકલવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી ઓમ ફેબ્રિક્સમાંથી ૧૦,૦૫૪ મીટર પીસી મોસ ગ્રે કાપડ, જેની કિંમત રૂ.૩,૩૭,૮૩૧ થાય છે, તેનો પણ જથ્થો મંગાવવામાં આવ્યો હતો. આ રીતે ત્રણ વેપારીઓ પાસેથી કુલ ૯૫,૫૮૪ મીટર કાપડની કિંમત રૂ.૧૩,૬૭,૫૫૨ થાય છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ લક્ષ્મી નારાયણ ફેબના માલિક તરીકે ખોટી ઓળખ આપી વેપારીઓ પાસેથી કાપડ મેળવ્યું હતું. ત્યારબાદ ટેમ્પામાંથી કાપડ ઉતરાવી બેઝમેન્ટમાંથી ટેમ્પા મારફતે અન્યત્ર સગેવગે કરી વેપારીઓ સાથે છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસ દરમિયાન સૂર્યપ્રકાશ નાથુરામ કુમાવત, રાહુલ પોપટ પવાર અને સુનીલ ડાવરરામ કુમાવતનાં નામ બહાર આવ્યાં છે. આ ત્રણેય શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે અને સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સરથાણા વિસ્તારમાં નોકરી કરતી યુવતી સાથે શેઠની છેડતી

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૦૫**

સુરતના સરથાણા વિસ્તારમાં નોકરી કરતી એક યુવતી સાથે તેના શેઠ દ્વારા છેડતી કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. યોગીચોક પાસે આવેલી યોગીનગર સોસાયટીમાં રહેતા દિનેશભાઈ નાનુભાઈ સોરઠીયા સામે આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યાના અરસામાં યુવતી પોતાની નોકરીની ફરજ પર હતી ત્યારે શેઠ દિનેશભાઈએ ઓફિસમાં કામ હોવાનું કહી નોકરીનો સમય પૂર્ણ થયા બાદ પણ તેને રોકી રાખી હતી. ત્યારબાદ દિનેશભાઈએ કથિત રીતે યુવતીને જબરદસ્તી બાથમાં ભરી તેના ગાલ પર ચુંબન કર્યું હતું. એટલું જ નહીં, છાતીના ભાગે હાથ ફેરવી છેડતી કરી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે યુવતીએ પોલીસનો સંપર્ક કર્યા બાદ તા.૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦:૪૫ વાગ્યે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે દિનેશભાઈ સોરઠીયા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોર્ટના આદેશથી બેંકે કબજો લીધેલી દુકાનનું તાળું તોડી ઘૂસણખોરી!

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૦૫**

સુરતના અલથાણ વિસ્તારમાં કોર્ટના આદેશના આધારે બેંકે કબજો મેળવેલી મોર્ટગેજ મિલકતની દુકાનનું તાળું તોડી ગેરકાયદે પ્રવેશ કરવામાં આવ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે એક જ પરિવારના છ સભ્યો સામે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

અમરોલીના છાપરા ભાઠા વિસ્તારમાં શ્રીરામનગરમાં રહેતા સૈજી સગરભાઈ દેસાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની સંસ્થા સન્માન ફિનસર્વ લિમિટેડ (અગાઉ ઈન્ડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ) દ્વારા કોર્ટના આદેશના આધારે અલથાણની રઘુવીર સિલ્કની શોપર્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાન નંબર ૯-૨૪નો પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે બેંકના કબજામાં રહેલી આ મોર્ટગેજ મિલકત અંગે જાણ હોવા છતાં ગૌતમભાઈ રવજીભાઈ પટેલ, ભૂમિકાબેન ગૌતમભાઈ

### અલથાણની રઘુવીર સિલ્કની શોપર્સમાં મોર્ટગેજ મિલકતમાં ગેરકાયદે પ્રવેશનો આક્ષેપ, એક જ પરિવારના છ સભ્યો સામે ફરિયાદ

પટેલ, પ્રકાશભાઈ રવજીભાઈ પટેલ, નીલમબેન પ્રકાશભાઈ પટેલ, નરેશભાઈ રવજીભાઈ પટેલ અને હિરલબેન નરેશભાઈ પટેલે એકબીજાની મદદગારીથી તા.૨૭ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન દુકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

આ ઉપરાંત બેંકની મિલકતને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મામલે તા.૪ નવેમ્બરના રોજ રાત્રે ફરિયાદ નોંધાતાં પોલીસે છ સભ્યો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# વિઝા અને વર્ક પરમિટના નામે સુરતની મહિલા કન્સલ્ટન્ટ સાથે રૂ.૨૨ લાખની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૦૫**

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતી મહિલા વેપારી સાથે વિઝા અને વર્ક પરમિટની કામગીરીના નામે રૂ.૨૨ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે મુંબઈની એચિવ ઈન્ટરનેશનલના સંચાલક રોહિતસિંહ સોગરા અને હિના સુરાણી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અડાજણની ચંદનપાર્ક સોસાયટીમાં રહેતાં નેહા વિજયસિંહ જાદવે નોંધાવેલી ફરિયાદ મુજબ, નવેમ્બર ૨૦૨૩થી વર્ષ ૨૦૨૪ દરમિયાન આરોપીઓએ વિઝા સંબંધિત કામગીરી કરવાના બહાને તેમની પાસેથી ગૂગલ-પે અને આંગડિયા મારફતે કુલ રૂ.૨૨ લાખ મેળવ્યા

### બોગસ દસ્તાવેજો એમ્બેસીમાં રજૂ કરાવતાં બે ક્લાયન્ટના વિઝા પર ૧૦ વર્ષનો પ્રતિબંધ, મુંબઈની કંપનીના બે સંચાલકો સામે ફરિયાદ

હતા. આ ઉપરાંત, તેમના બે ક્લાયન્ટના વર્ક પરમિટની કામગીરી પણ આરોપીઓએ લીધી હતી. જોકે, આરોપીઓએ કથિત રીતે ખોટા અને બોગસ કોસ લેટર તૈયાર કરી તેને અસલી હોવાનું જણાવી એમ્બેસીમાં રજૂ કરાવ્યા હતા. આ દસ્તાવેજોના કારણે બંને ક્લાયન્ટના વિઝા પર એમ્બેસી દ્વારા ૧૦ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, નાણાં પરત ન આપવા પડે તે માટે આરોપીઓએ સમાધાન કરાર (એમઓયુ) પણ કર્યો હતો, પરંતુ કરાર મુજબની રકમ પરત કરવામાં આવી નહોતી. આરોપીઓ દ્વારા કરવામાં આવેલા પાર્ટ પેમેન્ટમાં પણ ફ્રોડ થતાં ફરિયાદીના બેંક ખાતામાં રૂ.૮૦ હજાર ફ્રીઝ થયા હોવાનું જણાવાયું છે. આમ, કુલ રૂ.૨૨ લાખમાંથી રૂ.૧૬.૮૦ લાખની રકમ હજુ સુધી પરત નહીં મળતાં નેહાબેને તા.૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીઓ સામે છેતરપિંડી અંગે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભંગારના ધંધામાં ૫૦-૫૦ ટકાની ભાગીદારીની લાલચ આપી વેપારી સાથે રૂ.૧.૦૪ કરોડની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૦૫**

સુરતના ન્યૂ રાંદેર રોડ વિસ્તારમાં ભંગારના માલના સપ્લાયના વેપારમાં ૫૦-૫૦ ટકાની ભાગીદારીની લાલચ આપી એક વેપારી સાથે રૂ.૧.૦૪ કરોડથી વધુની છેતરપિંડી કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે અડાજણ પાટિયા ખાતે રહેતા સાજાદ સલીમ ભીમાણી સામે ગોરાટ રોડ પર રઝા એપાર્ટમેન્ટમાં રહેતા મોહસીન આરિફ લીલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડિસેમ્બર ૨૦૨૪માં સાજાદ ભીમાણીએ મોહસીન લીલાનો સંપર્ક કરી પોતાની પાસે ભંગારના માલના સપ્લાયના મોટા ઓર્ડર હોવાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ બંને વચ્ચે ૫૦-૫૦ ટકાની ભાગીદારીમાં ધંધો શરૂ કરવાનું નક્કી થયું હતું. તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૪થી ૩૧ જુલાઈ

### ગોરાટ રોડના મોહસીન લીલાએ અડાજણના સાજાદ ભીમાણી સામે નોંધાવી ફરિયાદ, ધંધો બંધ થયા બાદ રોકાણની રકમ પરત ન આપ્યાનો આક્ષેપ

૨૦૨૫ દરમિયાન ચાલેલા આ ધંધામાં મોહસીન લીલાએ કુલ રૂ.૨,૦૬,૩૯,૮૭૪નું રોકાણ કર્યું હતું. જોકે, ધંધો બંધ થયા બાદ હિસાબ મુજબ આરોપી પાસેથી મોહસીનને રોકાણની રૂ.૨.૦૬ કરોડની રકમ પરત મળવાની નીકળતી હતી.

તેમાંથી આરોપીએ ટુકડે-ટુકડે રૂ.૧.૦૨ કરોડ પરત ચૂકવ્યા હતા, પરંતુ બાકીના રૂ.૧,૦૪,૩૯,૮૭૪ પરત આપ્યા નહોતા. ફરિયાદી દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવતાં આરોપી ખોટા વાયદા કરી સમય પસાર કરતો રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અંતે મોહસીન લીલાએ તા.૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સાજાદ ભીમાણી સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંબંધીએ ઘરમાંથી ૭.૭૭ લાખના દાગીના અને રોકડ ચોર્યાની ફરિયાદ

**દ્રષ્ટિકોણ-ગાંધીનગર, તા.૫**

સરગાસણના બંધ ઘરના માળિયામાં પ્લાસ્ટિકની ડોલમાં સંતાડેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૭.૭૭ લાખની માલમત્તા સંબંધી ચોરી કરી ગયો હોવાની ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ મથકે નોંધાઈ છે.

સરગાસણમાં રહેતા વિધ્યાબેન વિક્રમજી ઠાકોર અને તેમનો પુત્ર હિંમત પરિવારના સભ્ય બીમાર હોવાથી આશકા હોસ્પિટલમાં ટિફિન આપવા ગયા હતા. ઘરને લોક મારી હંમેશની જેમ તેમણે ઘરની ચાવી બાથરૂમ પાસેની એક જગ્યાએ મૂકી હતી. તે વખતે દૂરના સગા ચિરાગજી ચંદ્રેશજી ઠાકોર પણ ત્યાં હાજર હતો. થોડા સમય બાદ ચિરાગે હિંમતને ફોન કરીને પૂછપરછ કરી હતી કે તમારા ઘરે પાણીનો જગ આપવા વાળો ભાઈ આવ્યો છે, તો ઘરની ચાવી ક્યાં છે. જેથી હિંમતે બાથરૂમ પાસે ચાવી મૂકી હોવાની જગ્યા બતાવી ફોન કાપી નાખ્યો હતો.

# પોલીસને બાતમી આપી હોવાની શંકામાં ટેક્સી ચાલકને જાનથી મારી નાખવાની ધમકી!

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૦૫**

સુરતના અમરોલી વિસ્તારમાં પોલીસને બાતમી આપી હોવાની શંકામાં એક ટેક્સી ચાલકને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની આર્ટિગા કાર બળજબરીપૂર્વક પડાવી લેવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પ્રશાંત શાહુ અને યામીન પટેલ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ઉત્રાણના વેલંજા ખાતે હરિદર્શન રેસિડેન્સીમાં રહેતા જતીન કાંતિલાલ વ્યાસે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮ વાગ્યાના અરસામાં પ્રશાંત શાહુ અને યામીન પટેલે

### દારૂનો જથ્થો પકડાઈ જતાં થયેલા નુકસાનની ભરપાઈ માટે દબાણ, કોરા કાગળોમાં સહીઓ કરાવી આર્ટિગા કાર પડાવી લેવાનો આક્ષેપ

એકબીજાની મદદથી પૂર્વઆયોજિત કાવતરું રચ્યું હતું. બંનેએ જતીનને ફોન કરી તેની આર્ટિગા કાર સાથે અમરોલીના છાપરાભાઠા વિસ્તારમાં આવેલી મધુવન સોસાયટી ખાતે બોલાવ્યો હતો. ત્યાં પહોંચ્યા બાદ બંનેએ જતીન પર પોલીસને બાતમી આપીને પોતાના સાળાનો દારૂનો જથ્થો પકડાવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ કેસના કારણે થયેલા નુકસાનની ભરપાઈ તેની પાસેથી વસૂલવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, જતીનને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની મરજી વિરુદ્ધ કોરા કાગળોમાં સહીઓ કરાવી લીધી હતી. ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે બંને આરોપીઓએ જતીનની આર્ટિગા કાર પણ બળજબરીપૂર્વક પડાવી લીધી હતી.

આ બનાવ અંગે જતીને તા.૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ચાર કામો સર્વાનુમતે મંજૂર : તાલુકા બાળ સુરક્ષા સમિતિની રચના કરાશે



**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા ગુરુવાર બપોરે તાલુકા પંચાયત ભવનના સભાખંડમાં પ્રમુખ પુષ્પાબેન પટેલની અધ્યક્ષતામાં મળી હતી. સભામાં એજન્ડા પરનાં ચારેય કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત તાલુકા બાળ સુરક્ષા સમિતિની રચના કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત ચોમાસા દરમિયાન તાલુકાનાં અનેક ગામોમાં સર્જાયેલી ભયાવહ પૂરપરિસ્થિતિ, પૂરગ્રસ્તોને સહાયની ચૂકવણી, નદીઓના સાંકડા બનેલા પટ્ટ અને પાણીના વહેણમાં અવરોધ સહિતના મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સભાની શરૂઆતમાં ગત સામાન્ય સભાની કાર્યવાહી પર ચર્ચા કરી તેને બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ ગત ચોમાસાની ઋતુ દરમિયાન તાલુકાનાં વિવિધ ગામોમાં સર્જાયેલી ગંભીર પૂરપરિસ્થિતિનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. આ અંગે તાલુકા વિકાસ અધિકારી પિયુષ ગામીતે પૂરથી અસરગ્રસ્ત પરિવારોને સરકારી સહાય સમયસર મળી રહે તે માટે જરૂરી વિગતો અને પૂરપીડિતોનો સંપૂર્ણ ડેટા અગાઉથી તૈયાર રાખવા સભ્યોને અનુરોધ કર્યો હતો. જેથી જરૂરિયાતમંદ અસરગ્રસ્તોને સહાય ચૂકવવાની કામગીરીમાં વિલંબ ન થાય. તાલુકા પંચાયતના સભ્યોએ આ સૂચનને આવકારી જરૂરી માહિતી એકત્રિત કરવામાં પૂરેપૂરો સહકાર આપવાની ખાતરી આપી હતી.

દરમિયાન સભ્ય પ્રિયંકા પટેલે નદીઓ દરિયાને મળે છે તેવા વિસ્તારોમાં નદીના પટ્ટા અત્યંત સાંકડા બની ગયા હોવાથી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો ન હોવાનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. નદીના કુદરતી વહેણમાં અવરોધ ઊભા થતાં ભારે વરસાદના સમયે આસપાસનાં ગામોમાં પૂરનું જોખમ વધતું હોવાની બાબતે તેમણે તંત્રનું ધ્યાન દોર્યું હતું.

આ પ્રશ્નના જવાબમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મહેશ હળપતિએ જણાવ્યું હતું કે દેવધા ડેમથી દરિયા સુધીના નદીના પટ્ટનું ઉપગ્રહ આધારિત સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. સર્વેક્ષણના આધારે જ્યાં જરૂરી જણાશે ત્યાં નદીના પટ્ટને ઊંડો કરવાની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે કુદરતી કાંસની સફાઈ પણ કરવામાં આવશે. પાણીના વહેણમાં અવરોધ ઊભો કરતાં ગેરકાયદેસર ઝીંગા તળાવો અને દબાણો સામે પણ કાર્યવાહી કરી અનેક સ્થળોએથી દબાણો દૂર કરવામાં આવ્યાં હોવાનું તેમણે જણાવ્યું હતું.

આગામી ચોમાસા દરમિયાન ફરીથી પૂર જેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અત્યારથી જ જરૂરી આયોજન અને પગલાં લેવામાં આવશે તેમ જણાવી ઉપપ્રમુખે સભ્યોને વિશ્વાસ અપાવ્યો હતો. તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણીના નિકાલની વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંકલન જરૂરી હોવાનું પણ ચર્ચાયું હતું.

સભામાં તાલુકા બાળ સુરક્ષા સમિતિની રચના અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાળકોના હિત અને સુરક્ષાને લગતી બાબતોમાં જરૂરી સંકલન અને દેખરેખ માટે આ સમિતિ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

અંતમાં પ્રમુખ પુષ્પાબેન પટેલે ઉપસ્થિત તમામ સભ્યો અને અધિકારીઓને દિવાળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. સભામાં કારોબારી સમિતિના ચેરમેન પાર્થિવ નાયક, સતીષ કટારીયા, મનોજ પટેલ, પ્રતીક પટેલ, સીમા ટંડેલ સહિત તાલુકા પંચાયતના તમામ સભ્યો, વિસ્તરણ અધિકારી વંદના બોરસીવાલા, હિના પટેલ તથા એટીડીઓ કેતન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.

# વાંસદાના ઉમરકુઈ ગામે વાઘબારસ નિમિત્તે આદિવાસી પરંપરા મુજબ ગૌમાતાની પૂજા કરી અનોખી ઉજવણી



**દ્રષ્ટિકોણ-વાંસદા,** વાંસદા તાલુકાના ઉમરકુઈ ગામે વાઘમાર્ય ફળિયાખાતે વાઘબારસના પાવન પર્વ નિમિત્તે આદિવાસી સમાજ દ્વારા વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ અનોખી ધાર્મિક અને સાંસ્કૃતિક ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે આદિવાસી સમાજના લોકોએ ગૌમાતાની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. ગાય માતાને ઘાસચારો અર્પણ કરી, કંકુ-ચોખાથી પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરંપરાગત રીતરિવાજ મુજબ ગૌમાતાની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

આદિવાસી સમાજમાં પેઢી દર પેઢી ચાલી આવતી આ પરંપરા માત્ર ધાર્મિક આસ્થા જ નહીં, પરંતુ પશુધન પ્રત્યેનો પ્રેમ, કૃતજ્ઞતા અને પ્રકૃતિ સાથેના ગાઢ સંબંધને પણ દર્શાવે છે.

ઉમરકુઈ ગામે યોજાયેલી આ ઉજવણીમાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. પરંપરાગત રીતરિવાજો સાથે ગૌમાતાની પૂજા કરી આદિવાસી સમાજે પોતાની સંસ્કૃતિ અને વર્ષો જૂના વારસાને જીવંત રાખવાનો સુંદર સંદેશ આપ્યો હતો.આવી પરંપરાઓ થકી આદિવાસી સમાજની આગવી સાંસ્કૃતિક ઓળખ અને પૂર્વજોથી મળેલો વારસો નવી પેઢી સુધી પહોંચતો રહે છે.

# મેદાન વિના પણ વિજલપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ચમક્યા: ૪૩ વિદ્યાર્થીઓ વિજેતા, રૂ.૧.૦૯ લાખનું ઈનામ મેળવ્યું



**દ્રષ્ટિકોણ- ઉનાઈ**

નવસારી જિલ્લાની વેજલપુર પ્રાથમિક શાળાએ ખેલ મહાકુંભ ૨૦૨૬માં ઐતિહાસિક અને પ્રશંસનીય પ્રદર્શન કરીને સમગ્ર જિલ્લામાં શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પાસે પોતાનું રમતગમતનું મેદાન ન હોવા છતાં, વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા અને સખત મહેનતના જોરે વિવિધ સ્પર્ધાઓમાં મેડલ્સની વણઝાર લગાવી દીધી છે. આ ભવ્ય સફળતા બદલ શાળાના કુલ ૪૩ વિજેતા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં કુલ રૂ.૧,૦૯,૨૫૦ની ઈનામી રકમ જમા કરવામાં આવશે.

શાળાની કન્યા અને કુમાર ટીમોએ મેદાન ગજવતા અંડર-૧૪ કબડ્ડી અને ખો-ખોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે:

કબડ્ડી (કન્યા ટીમ - અંડર ૧૪): ઝોન કક્ષાની જેમ જ જિલ્લા કક્ષાએ પણ આક્રમક રમતનું પ્રદર્શન કરી પ્રથમ સ્થાન (ચેમ્પિયન) મેળવ્યું.કબડ્ડી (કુમાર ટીમ - અંડર ૧૪): જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમત દાખવીને વિજેતા બની.ખો-ખો (અંડર ૧૪): શાળાની ટીમે જિલ્લા કક્ષાએ કડક ટક્કર આપીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

વ્યક્તિગત સ્પર્ધાઓમાં શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ બાદલ ગોંડ અને સ્વાતિ મિશ્રાએ રાજ્ય કક્ષાએ પસંદગી પામીને મોટી સિદ્ધિ હાસિલ કરી છે.બાદલ રામકૃપાલ ગોંડ: ૪૦૦ મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) જીત્યો. આ ઉપરાંત SGFI કક્ષાએ પણ તે રાજ્ય કક્ષાની કબડ્ડી ટીમમાં પસંદ થયો છે.

આકાશ ગોંડ: ૧૦૦ મીટર હાઈજમ્પમાં રજત ચંદ્રક (સિલ્વર મેડલ) મેળવ્યો. સ્વાતિ આનંદકુમાર મિશ્રાને ઊંચી કૂદ અને ૨૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન મેળવી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય થઈ છે.શ્વેતા મિશ્રા અને અસિમુન ખાન શૉટ પુટ (ગોળા ફેંક) અને બ્રોડજમ્પ (લાંબી કૂદ)માં અનુક્રમે તૃતીય સ્થાન મેળવ્યું.ચાંદ સંજીવ કુમાર મહતો ને કરાટે સ્પર્ધામાં SGFI અંતર્ગત રાજ્ય કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

શાળા પાસે રમતનું મેદાન ન હોવા છતાં વિદ્યાર્થીઓનો આ નોંધપાત્ર દેખાવ એ શાળાના રમત શિક્ષક અને કોચ વિશાલ સિંહ રાજપુત દ્વારા કરાવવામાં આવેલી સખત મહેનત અને યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે. આ ગૌરવપૂર્ણ અવસરે શાળાના આચાર્યા લીનાબેન તથા સમગ્ર શાળા પરિવારે વિજેતા ખેલાડીઓ અને કોચને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે અને ભવિષ્યમાં પણ તેઓ આવી જ રીતે ઝળકતા રહે તેવી કામના કરી છે.

# સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ બીલીમોરા તરફથી દિવાળીના પર્વ નિમિત્તે માટીના ૩૦૦૦ દિવડાનું વિતરણ



**દ્રષ્ટિકોણ-બીલીમોરા :** બીલીમોરાની જાણીતી સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થા સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૧૫ વર્ષથી બીલીમોરા તેમજ આજુબાજુના વિસ્તાર માટે અનેક સેવાકીય પ્રવૃત્તિ કરતું આવેલ છે. છેલ્લા નવ વર્ષથી સતત દિવાળી પર્વ નિમિત્તે ચાઈનીઝ દીવાનો બહિષ્કાર અને સ્વદેશી માટીના દીવા થકી દિવાળીના પર્વ નિમિત્તે દરેકના ઘર ઝળહળતા રહે એ હેતુથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમમાં બીલીમોરા પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી સરવૈયા સાહેબ, રોટરી ક્લબના નમિતાબેન, નવસારી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રીમતી અમિતાબેન પટેલ, નવસારી જિલ્લા મહિલા મોરચા પ્રમુખ સુમિત્રાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટ તરફથી પ્રમુખ દીપક દુસાને,બીરેન બલસારા, સુચેતા દુસાને, ક્રિષ્ના ભાઈ ટંડેલ, વસંતભાઈ દીક્ષિત તથા ટ્રસ્ટના અનેક સભ્યો આ કાર્યક્રમમાં ને સફળ બનાવવામાં સરસ સંચાલન કર્યો હતું.

# સેલવાસમાં સુન્ની જામા મસ્જિદ ટ્રસ્ટ દ્વારા ૯૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન



**દ્રષ્ટિકોણ-સેલવાસ: :** દાદરા અને નગર હવેલીના સેલવાસ સ્થિત સુન્ની જામા મસ્જિદ સોસાયટી દ્વારા શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. ટ્રસ્ટના પ્રમુખ મુસ્તાકભાઈ તવાના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ વક્ફ બોર્ડના સભ્ય મજીદ લધાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ત્રણ મદરેસાના ૯૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિઓ બદલ પુરસ્કૃત કરાયા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે સમાજના સર્વાંગી ઉત્થાન માટે શિક્ષણ અનિવાર્ય છે અને બાળકોને ધાર્મિક શિક્ષણની સાથોસાથ આધુનિક, ટેકનિકલ તેમજ ઉચ્ચ શિક્ષણ તરફ વાળવા એ સમયની માંગ છે. કાર્યક્રમમાં મસ્જિદ ટ્રસ્ટના હોદ્દેદારો, મૌલાનાઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિવાળી વેકેશન પૂર્વે હાપા યાર્ડમાં મગફળીની ધૂમ આવક

**દ્રષ્ટિકોણ-જામનગર, તા. ૫**

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં દિવાળી વેકેશન પૂર્વે મગફળીના વેચાણ માટે ખેડૂતોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મગફળીના પોષણક્ષમ ભાવ મળી રહ્યા હોવાથી સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં પોતાનો માલ વેચવા યાર્ડમાં પહોંચી રહ્યા છે. દરમિયાન દિવાળીના વેકેશનને ધ્યાનમાં રાખીને ગઈકાલે એક જ દિવસમાં મગફળી ભરેલા આશરે ૨૫૦ વાહનો મારફતે અંદાજે ૧૭ હજાર ગુણીની આવક નોંધાઈ હતી. આવકમાં અચાનક વધારો થતાં યાર્ડ તંત્ર દ્વારા નવી મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલ મગફળીના વેચાણમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહ્યા હોવાથી હાપા માર્કેટિંગ યાર્ડમાં આવકનું પ્રમાણ સતત વધી રહ્યું છે. દિવાળી વેકેશન દરમિયાન યાર્ડ બંધ રહેવાનું હોવાથી ખેડૂતો રજાઓ પહેલાં જ પોતાનો મગફળીનો જથ્થો વેચવા માટે ઉતાવળ કરી રહ્યા છે. તેના પરિણામે યાર્ડમાં વાહનોની લાંબી

# દાદરા-નગર હવેલી અને દમણ-દીવમાં શ્રમિકોના દૈનિક વેતનમાં વધારો

**દમણ:** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસનના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ શ્રમિકો માટે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કમિશનર-કમ-સેક્રેટરી (શ્રમ) આશિષ મોહન (IAS) દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, જીવનનિર્વાહ સૂચકાંક નંબરના આધારે તમામ અનુસૂચિત રોજગારોમાં કામ કરતા કામદારોના દૈનિક સ્પેશિયલ એલાઉન્સમાં પ્રતિ દિવસ ?૧૨નો વધારો કરવામાં આવ્યો છે, જે ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી અમલી બનશે. આ વધારા સાથે હવે તમામ વર્ગના શ્રમિકો માટે દૈનિક સ્પેશિયલ એલાઉન્સ ?૭૨.૫૦ થઈ ગયું છે.નવા સુધારા બાદ હવે અકુશળ (Unskilled) શ્રમિકોને રૂ.૪૪૧ મૂળ વેતન અને રૂ.૭૨.૫૦ સ્પેશિયલ એલાઉન્સ મળીને રોજના કુલ રૂ.૫૧૩.૫૦ ચૂકવાશે. અર્ધ-કુશળ (Semi-Skilled) શ્રમિકોને રૂ.૪૫૨ મૂળ વેતન અને રૂ.૭૨.૫૦ એલાઉન્સ સાથે દૈનિક કુલ રૂ.૫૨૪.૫૦ મળશે. જ્યારે કુશળ (Skilled) શ્રમિકોને રૂ.૪૬૨ મૂળ વેતન અને રૂ.૭૨.૫૦ એલાઉન્સ મળીને દરરોજના કુલ રૂ.૫૩૪.૫૦ ચૂકવવામાં આવશે. પ્રશાસનના આ નિર્ણયથી સંઘપ્રદેશના ઔદ્યોગિક તેમજ ખાનગી ક્ષેત્રના હજારો કામદારોને આર્થિક રાહત મળશે.

# વાપીના ભડકમોરા નજીક એમજી માર્કેટની જ્વેલર્સની દુકાનમાં લાગી આગ



**દ્રષ્ટિકોણ-વાપી:** ગુજરાતના વલસાડ જિલ્લાના વાપી નજીક ભડકમોરા પાસે આવેલ એમજી માર્કેટમાં સોના-ચાંદીની એક દુકાનમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

જે સ્થળે આગ લાગી તેની આસપાસ અનેક બિલ્ડિંગો આવેલી હોવાથી આગ વધુ પ્રસરી શકે તેમ હતી, પરંતુ ફાયર બ્રિગેડની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવી લીધો હતો. ભીડભાડવાળા અંદરના માર્કેટ વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક ફાયર બ્રિગેડને વાકેફ કરી હતી. પોલીસ અને અગ્નિશામક દળની ટીમે તાબડતોબ ઘટનાસ્થળે દોડી જઈ ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, અને પોલીસ આ મામલે આગળની તપાસ ચલાવી રહી છે.

# ચીખલીના ગોડથલ ગામે વન વિભાગનો દરોડો: બે ટેમ્પો સહિત રૂ.૨.૩૫ લાખના ખેરનાં લાકડાં જપ્ત, ૮૦૨ નંગ ખેરનાં લાકડાંનો જથ્થો કબજે



**દ્રષ્ટિકોણ-ચીખલી,** ચીખલી તાલુકાના ગોડથલ ગામના ગાવિત ફળિયામાં વન વિભાગે બાતમીના આધારે દરોડો પાડી બે ટેમ્પોમાંથી ૮૦૨ નંગ, કુલ ૮.૪૨૪ ઘનમીટર ખેરનાં લાકડાં જપ્ત કર્યાં હતાં. વન વિભાગે લાકડાં સહિત કુલ રૂ.૨.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે.અનામત વૃક્ષોની શ્રેણીમાં આવતા ખેરનાં લાકડાંમાંથી કાથો બનાવવામાં આવતો હોવાથી તેની ગુટખા અને પાનમસાલા ઉદ્યોગમાં ઊંચી માંગ છે. તેના કારણે દક્ષિણ ગુજરાતમાં ખેરનાં વૃક્ષોનું ગેરકાયદે કટિંગ કરી લાકડાંની હેરાફેરી થતી હોવાની આશંકા વચ્ચે ચીખલી રેન્જના વન અધિકારી અને સ્ટાફે ગોડથલ ગામે દરોડો પાડ્યો હતો.દરોડા દરમિયાન રૂ.૧.૧૫ લાખની કિંમતના આઈસર ટેમ્પો નંબર જીજે-૧૫-એટી-૦૩૨૨માંથી ૧૧૭ નંગ (૦.૯૪૮ ઘનમીટર) અને બીજા ટેમ્પો નંબર એચઆર-૭૪-સી-૬૧૦૦માંથી ૬૮૫ નંગ (૭.૪૭૬ ઘનમીટર) ખેરનાં લાકડાં મળી આવ્યાં હતાં. બંને વાહનોમાંથી કુલ ૮૦૨ નંગ લાકડાંનો જથ્થો મળી આવતાં વન વિભાગે રૂ.૨,૩૫,૮૭૨ નાં લાકડા અને ટેમ્પો મળી કુલ રૂ.૧૮,૫૦,૮૭૨ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ મામલે ગોડથલના પટેલ ફળિયામાં રહેતા હેમલ અર્જુનભાઈ પટેલ (ઉંમર ૨૮)ની અટકાયત કરી લાકડાં ક્યાંથી લાવવામાં આવ્યાં હતાં અને તેમાં અન્ય કોણ સંડોવાયેલું છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.



E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક એડિટોરિયલ

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Friday, 06 November-2026
શુક્રવાર, તા.૦૬/૧૧/૨૦૨૬

## આજનું રાશિફળ

### મેષ

આવતીકાલે આત્મવિશ્વાસમાં વધારો થશે. નોકરી અને વ્યવસાયમાં નવી તક મળી શકે છે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે.

### વૃષભ

આર્થિક બાબતોમાં સકારાત્મક પરિણામ મળી શકે છે. અટકેલાં કામ પૂર્ણ થવાની શક્યતા છે. પરિવારના સભ્યોનો સહયોગ મળશે.

### મિથુન

નવા લોકો સાથે સંપર્ક વધશે. વેપાર-ધંધામાં લાભદાયક સમાચાર મળી શકે છે. તમારી વાણીથી અન્ય લોકો પ્રભાવિત થશે.

### કર્ક

મનમાં નવી આશાઓ જાગશે. પરિવાર સાથે સંબંધો મજબૂત બનશે. નોકરીમાં જવાબદારી વધી શકે છે. બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવું.

### સિંહ

કાર્યક્ષેત્રમાં તમારી પ્રતિભાની પ્રશંસા થશે. અટકેલાં નાણાં પરત મળવાની શક્યતા છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

### કન્યા

કામકાજમાં આયોજન સફળ રહેશે. વેપારીઓને નવા ગ્રાહકો મળી શકે છે. પરિવારની કોઈ સમસ્યાનો ઉકેલ આવશે.

### તુલા

આવતીકાલનો દિવસ પ્રગતિદાયક બની શકે છે. નોકરી અને વ્યવસાયમાં નવી જવાબદારી મળી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારાના સંકેત છે. જીવનસાથી સાથે સારો સમય પસાર થશે.

### વૃશ્ચિક

આત્મવિશ્વાસથી મુશ્કેલ કામ પૂર્ણ કરી શકશો. જૂના મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે. નાણાકીય વ્યવહારોમાં સાવધાની રાખવી. કોઈની સાથે વિવાદમાં ન પડવું.

### ધન

ભાગ્યનો સાથ મળી શકે છે. લાંબા સમયથી અટકેલું કામ આગળ વધશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ રહેશે. પ્રવાસની યોજના બની શકે છે.

### મકર

મહેનતનું યોગ્ય પરિણામ મળવાની શક્યતા છે. નોકરીમાં વરિષ્ઠ અધિકારીઓનો સહયોગ મળશે.

### કુંભ

નવી યોજનાઓ શરૂ કરવા માટે સારો દિવસ બની શકે છે. મિત્રોની મદદથી કોઈ મહત્વનું કામ પૂરું થશે. આવકના નવા રસ્તા શોધી શકશો.

### મીન

ધાર્મિક કાર્યોમાં મન લાગશે. પરિવાર તરફથી ખુશીના સમાચાર મળી શકે છે. વેપારમાં ધીમી પરંતુ સકારાત્મક પ્રગતિ થશે.

## આજનો મજેદાર જોક્સ

- જમાઈ: આજથી હું રોટલી નહીં, ભાત ખાઈશ.
- સાસુ: એવું કેમ ભાઈ?
- જમાઈ: શું કહું સાસુજી, મહોલ્લાવાળાઓના મહેણાં સાંભળીને થાકી ગયો છું. રોજ કહે છે કે જમાઈ સાસરિયાંની રોટલી તોડે છે! હવે ભાત ખાઈશ તો બોલવાની તક જ નહીં મળે!

## આજની ખાસ ટિપ્સ

★ પાણી પૂરતું પીવો: શરીરને સ્વસ્થ અને હાઈડ્રેટ રાખવા માટે દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં પાણી પીવો.

★ પૂરતી ઊંઘ લો: સારી તબિયત માટે રોજ ૭ થી ૮ કલાકની ગાઢ ઊંઘ અત્યંત જરૂરી છે.

★ નિયમિત ચાલવું: હૃદયને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે દરરોજ થોડો સમય ચાલવાની ટેવ રાખો.

★ સાદો અને પોષક આહાર: હંમેશા ઘરનો સાદો, તાજો અને પોષકથી ભરપૂર આહાર લો.

★ લીલા શાકભાજી વધુ ન ઉકાળો: શાકભાજીમાં રહેલા પોષક તત્વો જળવાઈ રહે તે માટે લીલા શાકભાજીને વધારે ન ઉકાળવા જોઈએ.

★ રસોઈમાં માપીને તેલ વાપરો: સ્વાસ્થ્ય સારું રાખવા માટે રસોઈ બનાવતી વખતે તેલનો વપરાશ મર્યાદિત અને માપીને કરવો જોઈએ.

★ મેથીના દાણાનો ઉપયોગ: રસોડામાં મેથીના દાણા જેવા પૌષ્ટિક મસાલાનો યોગ્ય ઉપયોગ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

★ તાજી સામગ્રીનો ઉપયોગ: રસોઈમાં હંમેશા ફ્રેશ શાકભાજી અને મસાલા વાપરવાથી ખોરાક સ્વાદિષ્ટ બને છે.

★ રસોડાની સ્વચ્છતા: રસોઈ પૂરી થયા પછી તરત જ ઓટલા અને વાસણો સાફ કરી લેવાથી જીવાત કે બેક્ટેરિયા થતા નથી.

### આજનો સુવિચાર

"સમય અને સંજોગો ભલે ગમે તેટલા મુશ્કેલ હોય, પરંતુ ધીરજ અને મહેનત રાખનાર વ્યક્તિ માટે સફળતાના દરવાજા હંમેશાં ખુલ્લા રહે છે."

## સત્સંગ

આપણે લગભગ સત્સંગનો અર્થ કોઈ સંત કે મહાપુરુષની જનસભામાં જઈને પ્રવચન શ્રવણ, કીર્તન વગેરેમાં સામેલ થવું એવો કરે છે. કારણ કે એ આપણી ધારણા હોય છે કે સંતો-મહાત્માઓને સત્યની પ્રાપ્તિ થઈ ચૂકી છે. આ કારણે ભક્તોને એવો વિશ્વાસ હોય છે કે પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા અથવા જ્ઞાન પામેલા સંતોના શરણમાં જવાથી તે આપણો પણ સાક્ષાત્કાર સત્ય સાથે કરાવી દેશે અથવા આપણા કાનમાં કોઈ મંત્રાદિ ફૂંકી દેશે અને આપણને પણ સત્યની ઉપલબ્ધિ થઈ જશે. જી નહિ, એવા ખ્યાલ નિતાંત ભ્રામક છે. કારણ એ કે કોઈ મંત્રની પુનરાવૃત્તિ આપણને તંદ્રામાં અવશ્ય લઈ જઈ શકે છે, પરંતુ આપણને સત્યની અનુભૂતિ નથી કરાવી શકતી. કારણ એ કે આપણને એ જ ચીજ કોઈ આપી શકે છે, જે આપણાથી અલગ હોય જેને આપણે આજ સુધી ક્યારેય ગુમાવી જ નથી, તેને કોઈ અનય્ આપી પણ કઈ રીતે શકે છે?

સદ્‌ગુરુની સદાય એ જ વિવશતા રહી છે. તેથી આપણને જ સદ્‌ગુરુની શોધ નથી હોતી, પરંતુ સદ્‌ગુરુને પણ યોગ્ય શિષ્યની જરૂર હોય છે જેથી જે તેમણે જાણ્યું, તેને તેઓ વહેંચી શકે. આપણે સદ્‌ગુરુની શોધ કરીને નિરહંકાર ભાવથી વિચારશૂન્ય દશામાં શરણમાં જવું જોઈએ. સદ્‌ગુરુ એ જ છે જેને પરમાત્માની પ્રતીતિ થઈ ગઈ હોય. તેમની શરણાગતિ આપણી સૌથી મોટી સફળતા છે. સદ્‌ગુરુ આપણી અને પરમાત્મા વચ્ચે સેતુનું કામ કરી શકે છે.

# દિવાળી : દીપોત્સવથી આત્મપ્રકાશ સુધીની આધ્યાત્મિક યાત્રા

દિવાળી એટલે પાંચ પર્વોનું સ્નેહસંમેલન,સદ્ગુણોની સાધના અને માનવતાના મંગલ સંકલ્પનો મહોત્સવ છે.દિવાળી એટલે આનંદ, ઉલ્લાસ, પ્રસન્નતા અને પ્રકાશનો ઉત્સવ. દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરા, આધ્યાત્મિક ચેતના અને પારિવારિક સ્નેહનું અનોખું સંમેલન છે. વાઘબારસથી શરૂ થઈને ધનતેરસ, કાળીચૌદશ, દીપાવલી, નૂતન વર્ષ અને ભાઈબીજ સુધી વિસ્તરતો આ ઉત્સવ આપણને જીવન જીવવાની સુંદર દિશા આપે છે. દરેક પર્વની પોતાની આગવી વિચારધારા છે જે માનવીને ધર્મ, કર્તવ્ય, સદાચાર,પરોપકાર અને પ્રેમનો સંદેશ આપે છે.દિવાળીનો સાચો અર્થ માત્ર ઘરની બહાર દીવા પ્રગટાવવા પૂરતો સીમિત નથી. આપણા અંતરમાં રહેલા અજ્ઞાન,અહંકાર,ઈર્ષ્યા,દ્વેષ અને સ્વાર્થના અંધકારને દૂર કરીને જ્ઞાન,પ્રેમ,કરૂણા અને માનવતાનો પ્રકાશ પ્રગટાવવો એ જ દિવાળીનો સાચો સંદેશ છે.



આલેખન
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા.શહેરા જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

### વાઘબારસ-જીવદયા અને કૃતજ્ઞતાનું પર્વ

દિવાળીના પર્વસમૂહની શરૂઆત વાઘબારસથી થાય છે,આ દિવસને ગોવત્સ દ્વાદશી, વસુબારસ કે નંદિનીવ્રત તરીકે પણ ઓળખવામાં આવે છે,આ દિવસે ગાય અને વાછરડાંની પૂજા કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા સમાન માન આપીને તેની સેવા-સંભાળ અને રક્ષણનો સંદેશ આપવામાં આવ્યો છે.આ પર્વ આપણને શીખવે છે કે માનવજીવન માત્ર પોતાના સુખ માટે નથી. પશુ-પક્ષીઓ અને સમગ્ર પ્રકૃતિ પ્રત્યે પ્રેમ-દયા અને કૃતજ્ઞતાની ભાવના કેળવવી પણ આપણી નૈતિક જવાબદારી છે. જીવમાત્રમાં ઈશ્વરની સૃષ્ટિનું દર્શન કરીને તેમની સાથે કરૂણાપૂર્ણ વ્યવહાર કરવો એ જ સાચી સંસ્કૃતિ છે.

### ધનતેરસ-ધન સાથે ધર્મ અને આરોગ્યની ઉપાસના..

ધનતેરસ એટલે ધન-આરોગ્ય અને સમૃદ્ધિ માટે શુભ સંકલ્પ કરવાનો દિવસ. પુરાણોમાં વર્ણવેલી સમુદ્રમંથનની કથા અનુસાર ભગવાન ધન્વંતરિ અમૃતકળશ સાથે પ્રગટ થયા હતા તેથી આ દિવસને ધન્વંતરી જયંતી તરીકે પણ ઉજવવામાં આવે છે.આ પ્રસંગ આરોગ્યના મહત્વની યાદ અપાવે છે. સાચી સમૃદ્ધિ માત્ર સંપત્તિમાં નહીં પરંતુ તંદુરસ્ત શરીર, સ્વસ્થ મન અને સદાચારી જીવનમાં રહેલી છે.ધનતેરસ આપણને લક્ષ્મીપૂજનની પ્રેરણા આપે છે. ધન જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આવશ્યક છે પરંતુ ધન મેળવવા માટે અનીતિ, છેતરપિંડી કે અન્યાયનો માર્ગ અપનાવવો યોગ્ય નથી. અપ્રમાણિકતાથી મેળવેલી સંપત્તિ સુખને બદલે દુઃખ અને અશાંતિનું કારણ બની શકે છે.

લક્ષ્મી ચંચળ નથી પરંતુ લક્ષ્મીવાન મનુષ્યની મનોવૃત્તિ ચંચળ બની શકે છે. સંપત્તિનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના આધારે તે કલ્યાણકારી કે વિનાશકારી બને છે. સ્વાર્થ અને ભોગવિલાસ માટે વપરાતું ધન બંધન બને છે.પરોપકાર માટે વપરાતું ધન લક્ષ્મીનું સાચું સ્વરૂપ ધારણ કરે છે અને પ્રભુકાર્ય તથા લોકકલ્યાણ માટે સમર્પિત સંપત્તિ મહાલક્ષ્મીની ભાવનાને વ્યક્ત કરે છે. દાન,સેવા,શિક્ષણ,આરોગ્ય અને જરૂરિયાતમંદોની સહાય માટે સંપત્તિનો સદુપયોગ કરવો એ જ સાચું લક્ષ્મીપૂજન છે.પવિત્ર મન-શુદ્ધ આચરણ અને નીતિપૂર્ણ વ્યવહાર હોય ત્યાં જ સમૃદ્ધિ સાર્થક બને છે.

### કાળીચૌદશ-દુર્ગુણોના નાશ અને આત્મશુદ્ધિનું પર્વ..

કાળીચૌદશને નરક ચતુર્દશી તરીકે પણ ઓળખવામાં આવે છે.શ્રીમદ્ ભાગવત સહિતની પુરાણ પરંપરામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા નરકાસુરના વધની કથા મળે છે.નરકાસુરના અત્યાચારથી પીડિત લોકોને મુક્તિ મળી અને અન્યાય સામે ધર્મના વિજયનો સંદેશ પ્રસર્યો. આ કથાનું આધ્યાત્મિક અર્થઘટન કરીએ તો નરકાસુર માત્ર કોઈ પૌરાણિક પાત્ર નથી,તે માનવીના અંતરમાં રહેલા અહંકાર,ક્રોધ,લોભ,વાસના અને અત્યાચાર જેવી આસુરી વૃત્તિઓનું પ્રતીક પણ છે. જ્યારે આપણે આ દુર્ગુણોને દૂર કરીએ છીએ ત્યારે જીવનમાં સુખ-શાંતિ અને સદાચારનો ઉદય થાય છે.કાળીચૌદશ આપણને પૂછે છે કે શું આપણે આપણા અંતરમાં રહેલા અંધકારને ઓળખ્યો છે? શું આપણે કોઈને દુઃખ પહોંચાડ્યું છે? શું આપણા વ્યવહારમાં અહંકાર કે સ્વાર્થ છે? આ પ્રશ્નોના પ્રામાણિક જવાબ શોધીને જીવનને સુધારવાનો સંકલ્પ કરીએ તો આ પર્વની ઉજવણી સાચા અર્થમાં સફળ બને છે.આ દિવસે મહાકાળી માતાની ઉપાસના કરવામાં આવે છે. માતાના ઉગ્ર સ્વરૂપનો આધ્યાત્મિક સંદેશ એ છે કે દુષ્ટતાનો નાશ કરીને સદ્ગુણોનું રક્ષણ કરવું જોઈએ. જીવનમાં આળસ,પ્રમાદ,અસ્વચ્છતા અને નકારાત્મકતાને દૂર કરીને શિસ્ત-સ્વચ્છતા અને સકારાત્મકતા અપનાવવી એ પણ કાળીચૌદશની સાધના છે.

### દીપાવલી-બાહ્ય પ્રકાશથી આંતરિક જાગૃતિ સુધી..

દીપાવલીનો અર્થ દીવડાઓની હારમાળા થાય છે.આ દિવસે ઘરો-મંદિરો અને આંગણામાં દીવા પ્રગટાવવામાં આવે છે.માતા મહાલક્ષ્મીની પૂજા કરવામાં આવે છે, જ્યારે સરસ્વતી અને કાળીની ઉપાસના જ્ઞાન-વિવેક અને શક્તિના મહત્વને પણ ઉજાગર કરે છે.ભારતીય સંસ્કૃતિમાં દીવો જ્ઞાન અને આશાનું પ્રતીક છે.એક નાનકડો દીવો પણ ઘેરા અંધકારને દૂર કરી શકે છે તેવી જ રીતે જીવનમાં જ્ઞાનનું એક કિરણ પણ અજ્ઞાન-ભ્રમ અને નિરાશાને દૂર કરવાની શક્તિ ધરાવે છે.

ઉપનિષદોમાં પ્રાર્થના આવે છે કે.''તમસો મા જ્યોતિર્ગમય'' હે પ્રભુ ! અમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ.આ પ્રાર્થના દિવાળીના આધ્યાત્મિક ભાવને સુંદર રીતે વ્યક્ત કરે છે.બહાર દીવા પ્રગટાવવાની સાથે અંતરમાં પણ જ્ઞાન,પ્રેમ,સત્ય અને કરૂણાનો દીવો પ્રગટાવવો જોઈએ.જો મનમાં દ્વેષ અને ઈર્ષ્યાનો અંધકાર હોય તો હજારો દીવા પ્રગટાવવા છતાં જીવનમાં સાચો પ્રકાશ આવતો નથી.

દિવાળી આત્મચિંતનનો પણ અવસર છે.આખા વર્ષ દરમિયાન આપણે શું મેળવ્યું? શું ગુમાવ્યું? કોને મદદ કરી? અને કોને દુઃખ પહોંચાડ્યું? તેનું સરવૈયું કાઢવું જોઈએ. રાગ-દ્વેષ,વેરઝેર,ઈર્ષ્યા અને કડવાશને દૂર કરીને સંબંધોમાં પ્રેમ અને વિશ્વાસ વધારવાનો સંકલ્પ કરવો જોઈએ. ભારતીય પરંપરામાં દીપાવલી સાથે ભગવાન શ્રીરામના ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યા પાછા ફરવાની કથા જોડાયેલી છે.અયોધ્યાવાસીઓએ દીવા પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું હતું એવી લોકપ્રચલિત માન્યતા છે, આ પ્રસંગ ધર્મ-સત્ય અને ન્યાયના વિજયનું પ્રતીક છે,અન્ય પરંપરાઓમાં પણ આ દિવસને વિવિધ ધાર્મિક અને ઐતિહાસિક સ્મૃતિઓ સાથે જોડવામાં આવે છે.

જૈન પરંપરામાં ભગવાન મહાવીરના નિર્વાણની સ્મૃતિ દીપાવલી સાથે સંકળાયેલી છે.શીખ પરંપરામાં બંદીછોડ દિવસનું વિશેષ મહત્વ છે.આ વિવિધ પરંપરાઓ દર્શાવે છે કે પ્રકાશ, મુક્તિ, સત્ય અને કલ્યાણની ભાવના અનેક માર્ગોથી માનવજીવનને પ્રેરણા આપે છે.

### નૂતન વર્ષ..નવી શરૂઆત અને સારા સંકલ્પો..

દીપાવલી પછી આવતું કારતક સુદ એકમનું પર્વ ગુજરાતમાં બેસતા વર્ષ કે નૂતન વર્ષ તરીકે ઉજવાય છે.આ દિવસથી ગુજરાતી પરંપરા અનુસાર નવા વર્ષની શરૂઆત થાય છે. લોકો પરસ્પર શુભેચ્છા પાઠવે છે,વડીલોના આશીર્વાદ લે છે અને નવા સંકલ્પો કરે છે.નૂતન વર્ષ માત્ર કૅલેન્ડર બદલવાનો દિવસ નથી,તે જીવનમાં નવી દિશા અપનાવવાનો અવસર છે.જૂનું વેરઝેર ભૂલીને સંબંધોમાં મીઠાશ લાવવી, ભૂલો સ્વીકારીને સુધરવું અને અધૂરાં રહેલાં કાર્યો પૂર્ણ કરવા પ્રયત્ન કરવો એ નવા વર્ષની સાચી ઉજવણી છે.

આજે માનવજાતે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે છતાં માનવી અને માનવી વચ્ચેનું અંતર ઘણીવાર વધી રહ્યું છે.ભૌતિક સુખસગવડો વધે છે પરંતુ મનની શાંતિ અને સંબંધોની ઉષ્મા ઘટે તો સમૃદ્ધિ અધૂરી રહે છે તેથી નવા વર્ષે સંકલ્પ કરીએ કે આપણે માત્ર સંપત્તિમાં નહીં પરંતુ સંસ્કાર, સહાનુભૂતિ,નૈતિકતા અને માનવતામાં પણ સમૃદ્ધ બનીશું.

ભગવદ્ ગીતામાં મનને મિત્ર અને શત્રુ બંને બનવાની શક્તિ ધરાવતું ગણાવવામાં આવ્યું છે તેથી મનને સારા વિચારો-સંયમ અને સદાચાર તરફ વાળવું જરૂરી છે.ખરાબ આદતો છોડવી,સમયનો સદુપયોગ કરવો અને સમાજના હિત માટે યથાશક્તિ યોગદાન આપવું એ નવા વર્ષની શ્રેષ્ઠ ભેટ છે.

### ભાઈબીજ..ભાઈ-બહેનના સ્નેહનું પવિત્ર બંધન..

ભાઈબીજ ભાઈ અને બહેન વચ્ચેના પ્રેમ, વિશ્વાસ અને લાગણીનું પર્વ છે. પરંપરાગત કથાઓમાં યમરાજ અને તેમની બહેન યમુનાની કથા આ દિવસ સાથે જોડાયેલી છે. બહેન ભાઈના સુખ, સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે અને ભાઈ બહેનના સન્માન તથા રક્ષણની જવાબદારી નિભવવાનો સંકલ્પ કરે છે.

આ પર્વનો સંદેશ માત્ર પોતાના ભાઈ-બહેન પૂરતો મર્યાદિત નથી. સમાજની દરેક સ્ત્રી પ્રત્યે સન્માનપૂર્ણ દૃષ્ટિ રાખવી, તેની સ્વતંત્રતા અને ગૌરવનું રક્ષણ કરવું અને સંબંધોમાં પવિત્રતા જાળવવી એ પણ આ પર્વની ભાવના છે.

પરંપરાગત કથાઓમાં રાજા બલિ અને બલિ પ્રતિપદા સાથે જોડાયેલી માન્યતાઓ પણ મળે છે. બલિરાજાની દાનશીલતા અને ઉદારતાને યાદ કરીને આપણે શીખી શકીએ કે વ્યક્તિના સારા ગુણોને સ્વીકારવા જોઈએ. મતભેદો હોવા છતાં બીજામાં રહેલી સારી બાબતોને ઓળખવી અને તેમાંથી પ્રેરણા લેવી એ જીવનની મહત્વપૂર્ણ કળા છે.

### દિવાળીનો સાચો સંદેશ : મનુષ્યતાનો દીવો પ્રગટાવીએ

દિવાળીનાં તમામ પર્વો આપણને જીવનનાં જુદાં જુદાં મૂલ્યો શીખવે છે.વાઘબારસ જીવદયાની, ધનતેરસ નીતિપૂર્ણ સમૃદ્ધિની, કાળીચૌદશ આત્મશુદ્ધિની, દીપાવલી જ્ઞાન અને પ્રકાશની, નૂતન વર્ષ નવી શરૂઆતની અને ભાઈબીજ સ્નેહ તથા સન્માનની પ્રેરણા આપે છે.આપણે ઘરને શણગારીએ,દીવા પ્રગટાવીએ,મીઠાઈ વહેંચીએ અને સ્નેહમિલન કરીએ પરંતુ સાથે સાથે કોઈ ગરીબના ઘરમાં આશાનો દીવો પ્રગટાવીએ,કોઈ નિરાશ વ્યક્તિને હિંમત આપીએ,કોઈ ભૂખ્યા માણસને ભોજન આપીએ અને કોઈ એકલવાયા વ્યક્તિને પ્રેમભર્યો સાથ આપીએ તો દિવાળીનું પર્વ વધુ અર્થપૂર્ણ બની શકે છે.

સાચી દિવાળી ત્યારે છે જ્યારે આપણા વિચારોમાં પવિત્રતા,વાણીમાં મધુરતા,વર્તનમાં નમ્રતા અને હૃદયમાં સર્વજીવ પ્રત્યે પ્રેમ હોય. ધનનો અહંકાર નહીં પરંતુ સેવાનો આનંદ હોય,શક્તિનો દુરૂપયોગ નહીં પરંતુ નબળાનું રક્ષણ હોય અને જ્ઞાનનો દેખાડો નહીં પરંતુ અજ્ઞાન દૂર કરવાની ભાવના હોય.

આવો આ દિવાળીએ આપણા અંતરમાં સદ્ગુણોનો દીવો પ્રગટાવીએ, જૂની કડવાશ ભૂલીને પ્રેમનું નવું પ્રકરણ શરૂ કરીએ.ધનને ધર્મ સાથે, સમૃદ્ધિને સેવા સાથે અને ભક્તિને માનવતા સાથે જોડીએ.

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ'' સૌ સુખી રહે, સૌ નિરોગી રહે અને સૌનું કલ્યાણ થાય. પ્રભુને પ્રાર્થના કરીએ કે નૂતન વર્ષના નવલા પ્રભાતે સૌના જીવનમાં સુખ,શાંતિ,સમૃદ્ધિ,સદ્બુદ્ધિ અને સ્નેહનો પ્રકાશ પથરાય,દરેક ઘર આનંદથી ખીલે,દરેક હૃદયમાં માનવતા જાગે અને સમગ્ર વિશ્વમાં પ્રેમ-ભાઈચારો તથા પરસ્પર સદ્ભાવના વધે. સર્વેનું શુભ થાઓ,સર્વેનું મંગલ થાઓ-આપ સૌને પ્રકાશપર્વ દીપાવલી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ !

# રમા એકાદશીથી દિવાળીના પર્વનો પ્રારંભ, વાકબારસે વાણીની પવિત્રતા અને ગૌસેવાનો સંદેશ

ગુજરાત સહિત દેશભરમાં દિવાળીના પર્વની ધાર્મિક અને આધ્યાત્મિક તૈયારીઓનો પ્રારંભ રમા એકાદશીથી થાય છે. આસો વદ અગિયારસે આવતી રમા એકાદશી અને ત્યારબાદ આસો વદ બારસે ઉજવાતી વાકબારસ એટલે કે વાઘબારસનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્ત્વ છે. આ બંને પર્વ ભક્તિ, સંયમ, ગૌસેવા, જ્ઞાન, વાણીની પવિત્રતા અને સમૃદ્ધિનો સંદેશ આપે છે.

હિન્દુ ધર્મમાં એકાદશીનું વિશેષ મહત્ત્વ રહેલું છે. વર્ષ દરમિયાન આવતી તમામ એકાદશીઓમાં રમા એકાદશીનું આગવું સ્થાન છે. દિવાળીના પર્વ પહેલાં આવતી આ એકાદશી ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીને સમર્પિત છે. માતા લક્ષ્મીનાં અનેક નામોમાં રમા નામ પણ સામેલ હોવાથી આ એકાદશી રમા એકાદશી તરીકે ઓળખાય છે. ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે શ્રદ્ધાપૂર્વક વ્રત રાખવાથી મનની શુદ્ધિ, પાપમાંથી મુક્તિ અને જીવનમાં સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે.

રમા એકાદશીના દિવસે વહેલી સવારે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવામાં આવે છે. ત્યારબાદ ઘરના મંદિર અથવા પૂજાસ્થળે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની સ્થાપના કરીને પૂજા-અર્ચના કરવામાં આવે છે. ભગવાનને ફૂલ, ફળ, તુલસીપત્ર અને નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે. ભક્તો દિવસ દરમિયાન ઉપવાસ, એકટાણું અથવા પોતાની શક્તિ અને શ્રદ્ધા અનુસાર વ્રત રાખે છે. ભગવાન વિષ્ણુનાં નામનું સ્મરણ, વિષ્ણુ સહસ્રનામનો પાઠ, ભજન-કીર્તન અને ધાર્મિક કથાનું શ્રવણ કરવાનું પણ વિશેષ મહત્ત્વ છે.



**ભગવાન વિષ્ણુ-માતા લક્ષ્મીની આરાધના સાથે મનની શુદ્ધિનો સંકલ્પ; વાકબારસે માતા સરસ્વતીની પૂજા, ગાય-વાછરડાની સેવા અને નવા ચોપડાની પરંપરાનું ધાર્મિક મહત્ત્વ**

પૌરાણિક માન્યતાઓ અનુસાર રમા એકાદશીનું વ્રત મનુષ્યને આધ્યાત્મિક રીતે શુદ્ધ બનાવે છે. આ વ્રત માત્ર અન્નનો ત્યાગ કરવાનો દિવસ નથી, પરંતુ મન, વાણી અને કર્મ ઉપર સંયમ રાખવાનો અવસર પણ છે. ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને નકારાત્મક વિચારોનો ત્યાગ કરીને સદાચારના માર્ગે ચાલવાનો સંકલ્પ આ પર્વની મુખ્ય ભાવના છે. જરૂરિયાતમંદોને અન્ન, વસ્ત્ર અને અન્ય ઉપયોગી વસ્તુઓનું દાન કરવાથી પણ પુણ્ય પ્રાપ્ત થતું હોવાની ધાર્મિક માન્યતા છે.

રમા એકાદશી બાદ આવતી વાકબારસ એટલે કે વાઘબારસનું પણ દિવાળીના પર્વમાં વિશેષ સ્થાન છે. સામાન્ય રીતે લોકો આ દિવસને વાઘબારસના નામથી ઓળખે છે, પરંતુ વાકબારસ શબ્દનું પણ આગવું ધાર્મિક મહત્ત્વ છે. વાક એટલે વાણી. વાણીની અધિષ્ઠાત્રી દેવી માતા સરસ્વતી હોવાથી આ દિવસે માતા સરસ્વતીની આરાધના કરવાની પરંપરા છે. માતા સરસ્વતી જ્ઞાન, વિદ્યા, બુદ્ધિ, કળા અને વાણીનાં પ્રતીક છે. આ દિવસે પુસ્તકો, લેખનસામગ્રી, ચોપડા અને શૈક્ષણિક સાધનોની પૂજા કરવામાં આવે છે.

વાકબારસનો સંદેશ માત્ર ધાર્મિક પૂજા પૂરતો મર્યાદિત નથી. મનુષ્યએ પોતાની વાણીનો ઉપયોગ કેવો કર્યો, કોને દુઃખ પહોંચાડ્યું કે કોને સારા શબ્દોથી પ્રોત્સાહન આપ્યું તેનું આત્મમંથન કરવાનો પણ આ દિવસ છે. વાણીમાં મધુરતા, વ્યવહારમાં નમ્રતા અને વિચારોમાં સકારાત્મકતા જાળવવી એ આ પર્વનો મુખ્ય સંદેશ છે. વેપારી વર્ગમાં પણ આ દિવસનું વિશેષ મહત્ત્વ છે. જૂના હિસાબોનું સરવૈયું કાઢવું, દેવાની ચુકવણી કરવી, વ્યવહારોનો હિસાબ પૂર્ણ કરવો અને નવા વર્ષના વ્યવસાય માટે નવા ચોપડા તૈયાર કરવાની પરંપરા જોવા મળે છે.વાઘબારસને ગોવત્સ દ્વાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ગાય અને વાછરડાની પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા સમાન સ્થાન આપવામાં આવ્યું છે. ગાયનું દૂધ, દહીં, ઘી સહિતનાં ઉત્પાદનો માનવજીવનમાં ઉપયોગી હોવાથી ગૌમાતાને ખેતી, ગ્રામ્ય અર્થતંત્ર અને પર્યાવરણની દૃષ્ટિએ પણ ઉપયોગી માનવામાં આવે છે. આ પર્વ ગૌવંશ પ્રત્યે કરુણા, પ્રેમ અને જવાબદારી રાખવાની પ્રેરણા આપે છે.

દિવાળીના પર્વમાં રમા એકાદશી અને વાકબારસનું મહત્ત્વ એકબીજાથી અલગ હોવા છતાં બંનેમાં જીવનને સારા માર્ગે દોરવાનો સમાન સંદેશ રહેલો છે. રમા એકાદશી મનની શુદ્ધિ, ઉપવાસ અને ભગવાનની ભક્તિ શીખવે છે, જ્યારે વાકબારસ વાણીની પવિત્રતા, જ્ઞાનની ઉપાસના, ગૌસેવા અને આર્થિક વ્યવહારોમાં પારદર્શિતાનું મહત્ત્વ સમજાવે છે. આ રીતે એક તરફ આધ્યાત્મિક જીવનની શુદ્ધિ અને બીજી તરફ સામાજિક તથા વ્યવહારિક જીવનની જવાબદારીનો સુંદર સમન્વય જોવા મળે છે.

આધુનિક સમયમાં તહેવારોની ઉજવણી ઘણી વખત દેખાડા અને ખર્ચાળ આયોજન સુધી સીમિત બની જાય છે. ત્યારે આ બંને પર્વનો સાચો હેતુ સમજવાની જરૂર છે.

ઉપવાસની સાથે જરૂરિયાતમંદની મદદ કરવી, ગૌવંશની સેવા કરવી, બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ જગાવવો, વડીલોનું સન્માન કરવું અને પોતાના વ્યવહારમાં સત્ય તથા પારદર્શિતા જાળવવી એ જ તહેવારોની સાચી સાર્થકતા છે.

આમ, રમા એકાદશીથી શરૂ થતી દિવાળીના ઉત્સવોની ધાર્મિક હારમાળા વાકબારસના પવિત્ર અવસર સાથે આગળ વધે છે. ભક્તિ, જ્ઞાન, સંયમ, સેવા અને સદાચારના આ સંદેશને જીવનમાં ઉતારીને દિવાળીના પર્વને માત્ર પ્રકાશનો નહીં, પરંતુ આત્મશુદ્ધિ અને માનવતાના ઉજાસનો ઉત્સવ બનાવવો એ જ આ પર્વોની સાચી પ્રેરણા છે.

# ધનતેરસ : ધન, આરોગ્ય, સમૃદ્ધિ અને શુભતાના આગમનનો પવિત્ર પર્વ




**ધનતેરસના દિવસે સોનું, ચાંદી, નવા વાસણો અને અન્ય ઉપયોગી વસ્તુઓ ખરીદવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. માન્યતા છે કે આ દિવસે નવી વસ્તુની ખરીદી કરવાથી ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શુભતાનો વાસ થાય છે**

**કેતન મહેતા, ભરૂચ**

ધનતેરસ એટલે દીપાવલીના પાંચ દિવસીય મહાપર્વનો મંગલમય પ્રારંભ. હિન્દુ ધર્મમાં ધનતેરસનું વિશેષ ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ રહેલું છે. આસો વદ તેરસના દિવસે ઉજવાતો આ પર્વ ધન, વૈભવ, સુખ, સમૃદ્ધિ અને આરોગ્યની પ્રાપ્તિની ભાવના સાથે ઊજવવામાં આવે છે. આ દિવસથી દિવાળીના ઉત્સવનો માહોલ વધુ રંગીન બની જાય છે. ઘરમાં આનંદ, ઉત્સાહ અને ભક્તિનું વાતાવરણ સર્જાય છે.

પૌરાણિક માન્યતા અનુસાર દેવો અને દાનવોએ અમૃત મેળવવા માટે સમુદ્રમંથન કર્યું હતું. આ સમુદ્રમંથન દરમિયાન ભગવાન ધન્વંતરિ અમૃતનો કળશ લઈને પ્રગટ થયા હતા. ભગવાન ધન્વંતરિને આયુર્વેદના દેવતા અને આરોગ્યના અધિષ્ઠાતા માનવામાં આવે છે. તેમના પ્રાગટ્યના દિવસની યાદમાં ધનતેરસ ઉજવવામાં આવે છે. આ કારણે આ દિવસને ધન્વંતરિ જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય પરંપરામાં ધનતેરસ માત્ર સંપત્તિ મેળવવાનો દિવસ નથી, પરંતુ નિરોગી જીવન અને સારા સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવતો પર્વ પણ છે.

ધનતેરસના દિવસે માતા લક્ષ્મી, ભગવાન કુબેર અને ભગવાન ધન્વંતરિની પૂજા કરવામાં આવે છે. માતા લક્ષ્મી ધન, ઐશ્વર્ય અને સમૃદ્ધિનાં પ્રતીક છે, જ્યારે ભગવાન કુબેરને ધનના દેવતા માનવામાં આવે છે. આ દિવસે લોકો પોતાના ઘરની સાફસફાઈ કરી રંગોળી બનાવે છે, મુખ્ય દરવાજે તોરણ લગાવે છે અને દીવડાં પ્રગટાવી સુખ-સમૃદ્ધિના આગમનની પ્રાર્થના કરે છે. સાંજના સમયે શુભ મુહૂર્તમાં પૂજા-અર્ચના કરીને પરિવારની સુખાકારી અને ધનની વૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

ધનતેરસના દિવસે સોનું, ચાંદી, નવા વાસણો અને અન્ય ઉપયોગી વસ્તુઓ ખરીદવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. માન્યતા છે કે આ દિવસે નવી વસ્તુની ખરીદી કરવાથી ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શુભતાનો વાસ થાય છે. ખાસ કરીને જ્વેલરી બજાર, વાસણોની દુકાનો અને અન્ય વેપારી સંસ્થાઓમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળે છે. જોકે ખરીદી પાછળનો મૂળ ભાવ માત્ર ધનનો દેખાડો કરવાનો નથી, પરંતુ જીવનમાં નવી શરૂઆત, સકારાત્મકતા અને સમૃદ્ધિનું સ્વાગત કરવાનો છે. પોતાની આર્થિક ક્ષમતા અનુસાર ખરીદી કરવી એ પણ આ પર્વનો વ્યવહારુ સંદેશ છે.

ધનતેરસ સાથે યમદીપદાનની પરંપરા પણ જોડાયેલી છે. ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે ઘરના મુખ્ય દરવાજા પાસે અથવા દક્ષિણ દિશામાં દીવો પ્રગટાવી યમરાજને પ્રાર્થના કરવામાં આવે છે. આ પરંપરાને યમદીપદાન કહેવામાં આવે છે. માન્યતા છે કે યમદીપદાન કરવાથી પરિવાર પર અકાળ મૃત્યુનું સંકટ ટળે છે અને પરિવારજનોને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. આ પરંપરા જીવન પ્રત્યે આદર, શ્રદ્ધા અને પરિવારની સલામતીની ભાવનાને વ્યક્ત કરે છે.

ધનતેરસના આગમન સાથે જ ઘરોમાં દિવાળીની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ જાય છે. ઘરની સફાઈ, રંગરોગાન, રંગોળી, દીવડાં, તોરણ અને સજાવટની વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. બજારોમાં રોશની અને શણગારની ચીજવસ્તુઓથી આકર્ષક માહોલ સર્જાય છે. વેપારીઓ પોતાની દુકાનોને રંગબેરંગી લાઈટો અને ફૂલોથી શણગારે છે. ગ્રાહકો પણ પરિવાર સાથે ખરીદી કરવા નીકળે છે. નાના વેપારીઓથી લઈને મોટા વેપારીઓ માટે પણ આ સમયગાળો વિશેષ મહત્ત્વ ધરાવે છે.ધનતેરસનો સાચો અર્થ માત્ર સોનું, ચાંદી કે સંપત્તિની ખરીદી પૂરતો સીમિત નથી. સાચું ધન એટલે સારું સ્વાસ્થ્ય, પરિવારનો પ્રેમ, સંતોષ, સદાચાર, સંસ્કાર અને મનની શાંતિ. જીવનમાં પૈસાની સાથે આરોગ્યનું પણ એટલું જ મહત્ત્વ છે. ભગવાન ધન્વંતરિની આરાધના આપણને સ્વસ્થ જીવન જીવવાની પ્રેરણા આપે છે, જ્યારે માતા લક્ષ્મીની પૂજા મહેનત, પ્રામાણિકતા અને સદ્કર્મ દ્વારા સમૃદ્ધિ મેળવવાનો સંદેશ આપે છે.આજના આધુનિક અને ભાગદોડભર્યા જીવનમાં ધનતેરસનો પર્વ આપણને પરિવાર સાથે સમય વિતાવવા, ઘરમાં આનંદ અને એકતા જાળવવા તથા જરૂરિયાતમંદ લોકોની મદદ કરવા માટે પણ પ્રેરિત કરે છે. તહેવારની સાચી ખુશી ત્યારે જ સાર્થક બને છે, જ્યારે આપણા જીવનમાં સુખની સાથે બીજાના જીવનમાં પણ ખુશીનો પ્રકાશ ફેલાય.આમ, ધનતેરસ એ ધન, આરોગ્ય, શ્રદ્ધા, પરંપરા અને સમૃદ્ધિનો સુંદર સમન્વય છે. દીપાવલીના આ પ્રથમ મંગલ પર્વે દરેક ઘરમાં સુખ-શાંતિ, આરોગ્ય, ઐશ્વર્ય અને આનંદનો દીપ પ્રગટે તથા સૌના જીવનમાં સમૃદ્ધિ અને સકારાત્મકતાનો પ્રકાશ ફેલાય તેવી પ્રાર્થના સાથે ધનતેરસની ઉજવણી કરવામાં આવે છે.

# ‘એઆઇ થેરપિસ્ટ’ માનસિક મૂંઝવણ દૂર કરવા આવી પહોંચેલાં મશીનો!

એ.આઈ.નું પૂજન કરો હવે. હા, ગૂગલને ગૂગલ દેવતા કે ગૂગલ મહારાજ કહો છો તો હવે એ.આઈ. અર્થાત આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સની પૂજા કરવાનો વખત આવી ગયો છે. આપણે માણસ એટલા હોશિયાર છીએ કે આપણી પોતાની બૌદ્ધિક શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરી શક્યા નથી પણ હવે કૃત્રિમ બુદ્ધિમતા ઉપર મદાર રાખવો છે. ઘણે ઠેકાણે માણસને રિપ્લેસ કરવા માટે એઆઈથી સજજ મશીનો આવી ગયા છે. માણસની મૂંઝવણ પણ મટાડશે — એઆઈ થેરાપિસ્ટ.

આધુનિક યુગની સૌથી મોટી સમસ્યા છે — માનસિક અશાંતિ, અજંપો, બેચેની, હતાશા, ગભરામણ. એકલતા અને એન્ક્ઝાઈટી દરેક માણસના ખભે બેઠા છે. ડૉક્ટર્સનો સ્પષ્ટ મત એવો છે કે આ બધી બાબતો સામાન્ય માણસને ક્યારે ડિપ્રેશનની ખીણમાં ઉતારી દે તે કહેવાય નહિ. તમારી સાથે ખિખિયાટા કરતો માણસ બીજી જ કલાકે કિલનિકલ ડિપ્રેશનનો શિકાર બને તે શક્ય છે. હવે જયારે મુંઝારો કે એકલતા એનાં ચરમબિંદુ પર પહોંચે ત્યારે આપણે સામાન્ય રીતે ક્યાં તો આપણા રૂમમાં એકલા ભરાઈ જઈએ અથવા તો રડરડ કરીએ. થોડી પણ હિંમત આવે અને કોઈ અંગત વિશ્વ્વસનીય વ્યક્તિ જો નસીબમાં હોય તો તેની સામે દિલ ઠાલવી દઈએ. પણ બધાના નસીબમાં એવી ભરોસાલાયક અંગત વ્યક્તિ હોય છે ખરી? પ્રોફેશનલ લેવલ પર માર્ગદર્શન આપી શકે એવી વ્યક્તિઓની મદદ લેવામાં ભલભલા અચકાતા હોય છે. ગુમરોગનો ઈલાજ કરાવતા સંકોચ થતો નથી પણ મનોચિકિત્સક પાસે જતા શરમ આવે છે. આ સમસ્યા વિકરાળ છે અને દુનિયાભરમાં ફેલાયેલી છે. તો હવે એ સમસ્યાનું સમાધાન શું? અહીં ઉપયોગી થાય છે આપણો આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ ધરાવતો થેરાપિસ્ટ- એઆઈ થેરાપિસ્ટ.



એઆઈ થેરાપિસ્ટ એટલે કમ્પ્યુટર જ. બીજું કઈ અઘરું નથી એમાં. કોમ્પ્યુટર કે મોબાઈલમાં એક સાદી એપ્લિકેશન ડાઉનલોડ કરીને તમે આ એપ સાથે સંકળાયેલા મનોચિકિત્સકો અથવા નિષ્ણાતો સાથે સંવાદ સાધી શકો, તેમને તમારા પ્રશ્નો જણાવી શકો અને તેઓ તમને આ એપથી જ તમારી સમસ્યા માટે યોગ્ય ઉપાયો સૂચવે. આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ ધરાવતી એપમાં તો કોઈ નિષ્ણાત પણ તેની સાથે સંકળાયેલા હોતા નથી. તે મશીન જ એટલી મૌલિક કૃત્રિમ બુદ્ધિમતા ધરાવે છે કે તમારી મૂંઝવણના ઉકેલો પલકારામાં મળી જાય. હવે જો કોઈ વ્યક્તિને બદલે કમ્પ્યુટર જ થેરાપિસ્ટ બનતું હોય તો સંકોચ કાહેં કા ભીડુ? આને માટે કામ કરતી અલગ અલગ એપ્સ વિકસાવવામાં આવી છે. વોટ્સએપ કે ફેસબૂક જેવી જ તે યુઝર-ફ્રેન્ડલી છે. જે આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ ઉપર કામ કરે છે. આ બધી એપ્સને એઆઈ-થેરાપિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય ભાષામાં કહીએ તો ટેક્નોલોજીનો એક એવો આવિષ્કાર જે તમારી એકલતાને સહ્ય બનાવે, તમને કંપની આપે અને તમારા પ્રશ્નોનાં જવાબો પણ આપે. ટૂંકમાં હવે કમ્પ્યુટર તમારી સાથે વાત કરશે કોઈ ચિકિત્સકની જેમ. તમને એકલતાથી બચવાના ઉપાયો બતાવશે, નબળા વિચારો આવે ત્યારે તમારી સાથે સંવાદ સાધીને તમને ફ્રેશ કરશે. જરૂર પડે તો તમારે માટે એક મિત્ર કે એક સલાહકારની ગરજ સારશે.નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થના એક રિપોર્ટ અનુસાર મેન્ટલ એન્ક્ઝાઈટી ડિસઓર્ડર અત્યારના સમયની સૌથી ચિંતાજનક બાબત છે. ભારતમાં લગભગ ૪૦ મિલિયન એટલે કે કુલ વસ્તીનાં લગભગ ૧૮ ટકા લોકો આ સમસ્યાથી ગ્રસિત છે. શ્રદ્ધા કપૂર, હ્રિતિક રોશન, સંજય દત્ત અને દીપિકા પાદુકોણ જેવી ફિલ્મી હસ્તીઓ તો પોતે આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચુકી છે અને તેનો જાહેરમાં સ્વીકાર પણ કરી ચૂક્યાં છે. સાદી ભાષામાં સમજીએ તો એન્ક્ઝાઈટી એટલે ઉત્તેજિત અવસ્થામાં થવા લાગતી ચિંતા અને આ ચિંતા જયારે તમારાં વાણી-વર્તન પર અસર કરવા લાગે ત્યારે એની સારવાર અનિવાર્ય બને છે.

મુંબઈના મલાડ વિસ્તારમાં પ્રેક્ટિસ કરતાં મનોચિકિત્સક ધ્રુવ દવે જણાવે છે કે મોટેભાગે આ સમસ્યાથી ગ્રસિત વ્યક્તિને એની જાણ બહુ મોડી થતી હોય છે કે પોતે એક માનસિક તાણનો ભોગ બની છે અને સારવારની જરૂર છે. ઘણી વખત આપણને એમ થાય કે કોઈક સાથે વાત કરવાની કે કોઈનાં સાથની બહુ જરૂર છે પણ વ્યક્તિ ઘણા કારણોસર તે કરી શકતી નથી અને પરિણામે ધીમે ધીમે ડિપ્રેશનની દિશામાં સતત આગળ વધતી રહે છે. અમારી પાસે જયારે આવા લોકો આવે છે ત્યારે ખરેખર ઘણું મોડું થઈ ગયું હોય છે. પરિણામ એ આવે કે જે પરિસ્થિતિનો ઈલાજ ફક્ત કાઉન્સેલિંગ દ્વારા થઈ શકતો હતો એને માટે અમારે દવાઓ આપવી પડે છે. આવે સમયે એઆઈ-થેરાપિસ્ટ બહુ મોટી મદદ કરી શકે છે.

કેવી રીતે કામ કરે છે આ એપ? થેરાપી માટે જુદી જુદી ઘણી એપ છે જેમાંની કોઈ પણ તમે ડાઉનલોડ કરી શકો છો જેમ કે વાઈસા, વોબોટ, માઈન્ડ સ્પા, ચેટ જીપીટી. આ બધી જ એપ્સ અલગ અલગ રીતે પણ કામ એક જ કરે છે. અહીં તમે સાવ ખુલ્લા દિલથી રજૂ થઈ શકો છો. તમારે ટાઈપ કરીને તમારી મૂંઝવણ રજૂ કરવાની. સામે છેડેથી કેટલાંક સવાલો પણ આવે જેના જવાબો આપવાના. ઉત્તરમાં તમને તમારાં જ વિષે જાણવામળે!

જેમકે તમે માનસિક તાણમાં છો કે નહિ, છો તો એની તીવ્રતા કેટલી છે, તમારે આ તબક્કે મનોચિકિત્સકની જરૂર છે કે નહિ અને આ ઉપરાંત અહીથી તમને ઘણાં બધાં સૂચનો અને ટાસ્ક પણ આપવામાં આવે જેને અનુસરવાથી તમે ધીમે ધીમે માનસિક તાણ અથવા એન્ક્ઝાઈટીમાંથી બહાર આવી જાઓ.સાઈકોલોજીસ્ટ શ્રીનિવાસ રેડ્ડી, જેઓ આવી જ એક એપ માટે એઆઈ-થેરાપિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે તેઓ જણાવે છે કે અત્યારનાં આધુનિક યુગમાં આપણે સોશિયલ મીડિયાને કારણે ઘણા નજીક આવી ગયાં છીએ તો પોતાનાં સ્વજનો અને પરિવારજનોથી એટલાં જ દૂર પણ થતાં જઈયે છીએ. વળી, સ્પર્ધાત્મક યુગમાં જીવતાં હોવાને કારણે પરફોર્મન્સનું દબાણ પણ ખૂબ હોય છે. લોકો પોતાના ખાવાપીવાનું ધ્યાન પણ રાખી શકતાં હોતાં નથી આ બધાને કારણે માનસિક તાણ અનુભવે છે. તેઓ કોઈની સામે ખાલી થઈ જવા ઈચ્છતાં હોય છે પણ મુસીબત ત્યાં આવે કે એક તો તેઓ એકલાં હોય છે ઘણીવાર, બીજું પોતાની હાલત જાહેર થઈ જશે એ ડરથી કોઈ પર ભરોસો કરતાં અચકાય છે.

સાઈકોલોજીસ્ટની ફી ના પોષાય શકે એ પણ એક મોટું કારણ છે. આ બધાં જ સવાલોને અમે હલ કરવાની કોશિશ કરી છે. અમે અમારી એપ દ્વારા જે તે વ્યક્તિની સામાજિક સલામતીની પૂરતી કાળજી લઈએ છીએ. અમારા નિષ્ણાત સાથે તેમણે વહેચેલી અંગત વિગતો ક્યારેય બહાર નહીં જાય એની ખાતરી આપીએ છીએ. ખૂબ ધીરજપૂર્વક તેમણે સાંભળીને પ્રશ્નો પૂછીને નિરાકારણના અમુક વિકલ્પોમાંથી તેમની સમસ્યા માટેનાં જ વિકલ્પો અને તેમાંથી તેમને માટે શ્રેષ્ઠ હોય એવાં ઉપચારો તેમની સામે મુકીએ છીએ. રેડ્ડી સર તો ત્યાં સુધી કહે છે કે અમારી પાસે આવતાં ૬૫ ટકા લોકોને તો ફક્ત એક એવાં સાથીની જરૂર હોય છે જે તેમને શાંત ચિત્તે ફક્ત સાંભળી શકે. આવાં લોકો અમારી સામે વ્યક્ત થઈને જ સાજા થઈ જતાં હોય છે. તો દર ૧૦૦ માંથી ૨૦ વ્યક્તિઓ એવી હોય છે જેમને અમારે મનોચિકિત્સક પાસે રૂબરૂ જઈને સારવાર લેવાની સલાહ આપવી પડે છે. તો લગભગ ૪૦ ટકા કેસમાં સોશિયલ એન્ક્ઝાઈટીનો ભોગ બનીને એઆઈ થેરાપિસ્ટની મદદ લેનાર વ્યક્તિ એકદમ સરસ મેન્ટલ હેલ્થ સાથે પોતાની જિંદગી ફરીથી શરૂ કરતો હોય છે.

સાઈકોલોજીમાં નિષ્ણાત ડૉક્ટર રેડ્ડીને જયારે પૂછ્યું કે આ પ્રકારની એઆઈ — થેરાપિસ્ટ એપ સાચુકલા ડૉક્ટરને રિપ્લેસ કરી શકે ખરી? એટલે કે ભવિષ્યમાં એવું ના બને કે લોકો કોમ્પ્યુટરની મદદથી જ ડિપ્રેશનમાંથી બહાર આવી જાય. તો પછી અત્યારે જેની ખૂબ બોલબાલા છે એવાં મનોચિકિત્સકોનું શું? આનાં જવાબમાં રેડ્ડી સર જણાવે છે કે કરિયાણાનો બધો જ સમાન હવે ઓનલાઈન મળે છે, બરાબર? તો એને લીધે કેટલાં કરિયાણું વેચતાં દુકાનદારોની દુકાન બંધ થઈ ગઈ? હા. આ એઆઈ થેરાપીના ફાયદા અને ગેરફાયદા બંને જ છે એ તો સ્વીકારવું રહ્યું. સામાન્ય રીતે માણસ કોઈ પણ સાથે પોતાની અંગત સમસ્યાઓ વહેંચતાં અચકાય છે એનું મોટું કારણ છે કે એણે વાત જાહેર નથી કરવી હોતી. એક સંકોચ હોય છે સામો માણસ શું વિચારશે? જજ કરશે તો? કોઈને કહી દેશે તો? એઆઈ થેરાપી આ બધા જ સવાલોનો બહુ મજબૂત જવાબ છે. અહિયાં તમારી સામે કોઈ વ્યક્તિ હોતો જ નથી કમ્પ્યુટર હોય છે એટલે જજ કરવાનો પ્રશ્ન જ આવતો નથી બીજું આ બધી જ એપ્સ પોતાનાં ગ્રાહકોની પ્રાઈવસી બાબતે અત્યંત જાગૃત હોય છે એટલે વાત જાહેર થઈ જવાની પણ ચિંતા નહી. વળી, એમાંથી ઘણી એપ્સ તો ફ્રી છે અથવા એની ફી બહુ મામૂલી છે એટલે સાઈકિયાટ્રિસ્ટની તોતિંગ ફીસ આપવામાંથી પણ બચી શકાય છે. બીજો એક મોટો ફાયદો એ છે કે અહીં સૂચવાયેલા ઉપાયો એક નહીં પણ આખી ટીમ દ્વારા ડિઝાઈન કરવામાં આવે છે જેમાં થેરાપિસ્ટ અને સાઈકોલોજીસ્ટ અને બીજાં નિષ્ણાત ડૉક્ટર્સનો પણ સમાવેશ થઈ જાય છે.



# યે કાલી કાલી આંખે

કવિઓ અને બોલીવુડનાં ગીતકારો બન્નેમાંથી આંખ પ્રત્યે કોનો પ્રેમ વધારે એ નક્કી કરવું મુશ્કેલ છે. પણ, લોકપ્રિયતાની દ્રષ્ટિએ જોઈએ તો ચોક્કસ બોલીવુડના ગીતકારો જ બાજી મારી જાય ! થોડાં ઉદાહરણો જોઈએ તો યે આંખે દેખકર હમ સારી દુનિયા ભૂલ જાતે હૈપ

આંખો હી આંખોમેં ઈશારા હો ગયાપ
તેરી આંખો કે સિવા દુનિયામેં રખ્ખા ક્યા હૈપ
કથ્થઈ આંખોવાલી એક લડકીપ
આંખો આંખો મેં બાત હોને દોપ
નૈના હૈ જાદૂ ભરે ઓ ગોરી તોરે નૈના હૈ જાદૂ ભરેપ
કજરારે કજરારે તેરે કારે કારે નૈનાપ
નૈના બરસે રીમઝીમ રીમઝીમપ

આવાં તો સેંકડો ગીતો આંખ વિશે લખાયેલાં છે અને વર્ષોથી લોકોની જીભે વસેલા છે.

શરીરવિજ્ઞાનની દ્રષ્ટિએ આંખ પાંચ જ્ઞાનેન્દ્રીય (ફાઈવ સેન્સિસ)માંથી એક દર્શનેન્દ્રીય છે જે પ્રકાશ સંવેદી અંગ છે.આંખની સામાન્ય રચના જોઈએ તો માનવ સહિત મોટાભાગના પૃષ્ઠવંશી પ્રાણીઓની આંખ સામાન્ય રીતે ગોળાકાર હોય છે. આંખ મુખ્યત્વે ત્રણ સ્તરોની બનેલી હોય છે. સૌથી બહારનું સ્તર શ્વેતપટલ (સ્કલેરા) વચ્ચે મધ્યપટલ (કોરોઈડ) અને અંદરનું સૌથી છેલ્લું દૃષ્ટિ પટલ કે નેત્રપટલ (રેટીના) તરીકે ઓળખાય છે. સ્કલેરાની આગળ રહેલાં પારદર્શક ભાગને કોર્નિયા કહે છે. જેમાંથી કિરણો આંખમાં પ્રવેશ કરે છે. કોરોઈડમાં આંખને પોષણ આપતી રક્તકોશિકાઓ હોય છે. રેટીના પર વસ્તુઓનું પ્રતિબિંબ રચાય છે. તેમાં રોડ્સ અને કોન્સ નામનાં પ્રકાશગ્રાહી અને રંગગ્રાહી કોષ આવેલાં હોય છે. વચ્ચેની બે ચેમ્બરમાંથી આગળની ચેમ્બરમાં એકવિયસ હ્યુમર અને પાછળની ચેમ્બરમાં વિટ્રીયસ હ્યુમર હોય છે.

કોર્નિયાની પાછળ આઈરીશ નામની નાનાં પડદા જેવી રચનાને લઈને કોર્નિયાની વચ્ચે એક ખુલ્લા દ્વાર જેવી વ્યવસ્થા ઉદ્દભવે છે જેને આપણે આંખની કીકી (પ્યુપિલ) તરીકે ઓળખીએ છીએ.

આંખમાં જયારે કિરણો પડે છે ત્યારે પ્રકાશની તીવ્રતા મુજબ કીકી સંકોચ વિસ્તાર પામે છે. સામાન્ય રીતે આપણી આંખ ૪૦૦ થી ૭૦૦ ક્ષળનાં તરંગો જોઈ શકે છે.

આંખમાં સામાન્ય રીતે નીચે મુજબનાં રોગો થાય છે.

(૧) દ્રષ્ટિગત રોગો :- કોર્નિયા, લેન્સ,રેટીના, ઓપ્ટિક નર્વ વગેરે અવયવની વિકૃતિથી કે કાર્યમાં વિક્ષેપથી દ્રષ્ટિમાં ખામી સર્જાય છે. જેમાં આંખમાં નંબર આવવાં, ઉંમર મુજબ કાર્યક્ષમતા ઘટવાથી બેતાલા નંબર આવવાં, નેત્રમણિ અપારદર્શક થતાં મોતિયો આવવો, રતાંધળાપણું, કલર બ્લાઈન્ડનેસ, ઈન્ટ્રા ઓક્યુલર પ્રેસર વધતાં ઝામર વગેરે દ્રષ્ટિવિકાર થઈ શકે છે.

(૨) સંક્રમણ(ઈન્ફેકશન)ને લીધે :-આંજણી, લગણ, પોથકી, નાકસૂર/નાસૂર, અશ્રુગ્રંથીનો સોજો (ડી-ક્રાયોસીસ્ટાઈટીસ), આંખ આવવી કે ઊઠવી (કંજક્ટીવાઈટીસ) વગેરે ચેપી રોગોમાં આંખ દુઃખવી, બળતરા થવી, ચીપકી જવી, લાલ થઈ જવી, પાણી નીકળવા, ઘાટું પ્રવાહી નીકળવું વગેરે લક્ષણો થઈ શકે છે.

(૩) એલર્જીજન્ય :-કોઈપણ એલર્જીને લીધે ખંજવાળ, પાણી નીકળવું, આંખ લાલ થવી વગેરે લક્ષણો થઈ શકે છે.

(૪) ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો વધુ પડતો ઉપયોગઅત્યારનાં સમયમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધતાં વિભિન્ન ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સના આંધળા ઉપયોગથી આંખો સુકાઈ જવી, આંખમાંથી પાણી નીકળવા, બળતરાં થવી, આંખો થાકી જવી, નાની ઉંમરમાં નંબર આવવાં, ત્રાંસા નંબર આવવાં, આંખ કે માથાનો દુઃખાવો વગેરેનું પ્રમાણ ભયજનક હદે વધી રહ્યું છે.

આંખો માટે હિતકારી ઉપાયો :-અંજન — આંખ તેજ પ્રધાન અંગ હોવાંથી તેને કફનો ભય હોય છે. તેથી રોજ સૌવીરાંજન અને અઠવાડિયામાં એકવાર રસાંજનનો ઉપયોગ ફાયદાકારક કહ્યો છે.નસ્ય- ગાયનું ઘી અથવા અણુતૈલ બન્ને નસકોરામાં રોજ બે બે ટીપા નાખવું.પાદાભ્યંગ — પગનાં તળિયામાં માલિશ આંખ માટે હિતકારક કહેલું છે.પાદપ્રક્ષાલન : ઋતુ મુજબ નવશેકા, ઠંડા પાણીથી પગ ધોવાં પણ આંખો માટે ફાયદાકારક છે.આંખો સાફ રાખવી, ટીપાં નાખવા — આંખો માટે ત્રિફળાનું ગાળેલું જળ અને ત્રિફળાનું ઘી ઉત્તમ કહ્યું છે.આંખ માટે હિતકારી આહાર — મગ, સરગવો, જીવન્તિ(ડોડી), મેથી, આમળા, દ્રાક્ષ, દાડમ, ગાયનું દૂધ, ઘી, સાકર અને સૈન્ધવ નમક આંખ માટે ઉપયોગી આહાર બતાવેલ છે.

આંખ માટે નુકસાનકારક બાબતો —વધુ નજીકનું, ઝીણું કે વધુ દૂરનું ખેંચીને જોવાની ટેવ,આંસુનાં વેગને રોકવો, વધુ તડકામાં ફરવું, નંબર હોય છતાં ચશ્માં ન પહેરવાં, દિવસે ઊંઘવું, ગેઝેટ્સનો વધુ અને ખોટાં પોસ્ચર સાથે ઉપયોગ, આંખો ખૂબ ચોળવી, વધુ ક્રોધ કરવો, વધારે ખાટાં -તીખા — ખારાં દ્રવ્યોનું સેવન, કળથી અને અળદની દાળનો અતિઉપયોગ આ તમામ વસ્તુઓ આંખ અને દ્રષ્ટિ માટે હાનિકારક કહેલી છે.

# પલસાણામાં પ્રેમસંબંધની શંકા રાખી વણેસા અકસ્માત કેસ હત્યાનું કાવતરું નીકળ્યો



**દ્રષ્ટિકોણ-ઓલપાડઃ** સુરત ગ્રામ્ય જિલ્લાના પલસાણા તાલુકાના વણેસા ગામની સીમમાં બનેલા હિટ એન્ડ રન અકસ્માતના બનાવનો પોલીસે સનસનાટીભર્યો પર્દાફાશ કર્યો છે. પ્રાથમિક નજરે અકસ્માત લાગતી આ ઘટના વાસ્તવમાં યોજનાબદ્ધ હત્યાનું ષડયંત્ર હોવાનું સામે આવ્યું છે. મૃતક સાજીદ કુરેશીની પત્ની સાથે પ્રેમસંબંધ હોવાની શંકા રાખીને મુખ્ય સૂત્રધાર અબ્દુલરહેમાન શેખે પોતાના ભાણુઆત સોયેબ ઘાંચીને રૂ. ૧ લાખની સોપારી આપી હતી. યોજના મુજબ સોયેબે બોલેરો પીકઅપ ગાડી વડે સાજીદને ટક્કર મારી કચડી નાખીને હત્યા કરી દીધી હતી અને સમગ્ર ઘટનાને અકસ્માતમાં ખપાવી દીધી હતી. સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલીને મુખ્ય સૂત્રધાર અને હત્યારો બંને આરોપીઓને ઝડપી લીધા છે. ગત રમજાન માસ દરમિયાન પલસાણાથી બારડોલી રોડ પર બર્ગમેન મોપેડ પર જઈ રહેલા સાજીદ પીરમહમંદ કુરેશીને અજાણ્યા વાહને અડફેટમાં લેતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ પલસાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ હિટ એન્ડ રન અને અકસ્માતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં આ કેસ એક સામાન્ય વણશોધાયેલા અકસ્માત તરીકે નોંધાયો હતો. પરંતુ સુરત ગ્રામ્ય એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમોએ સઘન તપાસ હાથ ધરી શંકાસ્પદોની ગતિવિધિઓ અને ટેકનિકલ પુરાવાઓ એકત્રિત કરતા સમગ્ર હત્યાનું કાવતરું બહાર આવ્યું હતું.

પોલીસે આ પ્રકરણમાં હત્યાની સોપારી આપનાર મુખ્ય સૂત્રધાર અબ્દુલરહેમાન અબ્દુલમજીદ શેખ (રહે. બલેશ્વર, તા. પલસાણા, સુરત હાલ સાઉથ આફ્રિકા) અને હત્યાને અંજામ આપનાર ડ્રાઈવર સોયેબ અબ્દુલકાદર ઘાંચી (રહે. સરખેજ, અમદાવાદ મૂળ કડી, મહેસાણા) ને દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૩,૦૦૦- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને બંનેને પલસાણા પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ આ જટિલ કેસ સફળતાપૂર્વક ઉકેલવામાં આવ્યો છે. એલસીબી પીઆઈ એન.જી. પાંચાણી અને પીએસઆઈ એ.એન. ચૌહાણ તથા તેમની સાથે જોડાયેલી એલસીબી શાખાની ટીમે ઉત્કૃષ્ટ ટેકનિકલ ટીમવર્ક અને બાતમીદારોના આધારે ટૂંકા સમયમાં આ વણશોધાયેલા ગુનાનો પર્દાફાશ કરી દીધો છે.

# કીમ યુવા શક્તિ ગ્રુપ દ્વારા કીમ વિભાગીય મુક્તિધામ સ્મશાનમાં ૫૫,૫૫૫ની માતબર રકમનું અનુદાન



**દ્રષ્ટિકોણ-ઓલપાડ :** કીમ યુવા શક્તિ ગ્રુપ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી સાથે સામાજિક સેવાનું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૬માં આયોજિત નવરાત્રી મહોત્સવની ટિકિટ વેચાણમાંથી મળેલી આવકમાં ગ્રુપ દ્વારા પોતાની રકમ ઉમેરી કીમ વિભાગીય મુક્તિધામને રૂ. ૫૫,૫૫૫નું માતબર અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું.

**કીમ યુવા શક્તિ ગ્રુપે મુક્તિધામને રૂ. ૫૫,૫૫૫નું માતબર અનુદાન અર્પણ કર્યું**

કીમ યુવા શક્તિ ગ્રુપ દ્વારા ગત નવરાત્રીમાં માત્ર પાંચ દિવસના ટૂંકા સમયમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નવ દિવસ સુધી માતાજીની પૂજા-અર્ચના અને ગરબાની રમઝટ સાથે ઉજવાયેલા નવરાત્રી પર્વમાં કીમ સહિત આસપાસના વિસ્તારના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગ્રુપના આયોજનને લોકોએ બહોળો પ્રતિસાદ આપ્યો હતો.

નવરાત્રીના દશમા દિવસે ટિકિટ વેચાણમાંથી પ્રાપ્ત થનારી આવક કીમ વિભાગીય મુક્તિધામને અર્પણ કરવાનો આયોજકોએ સંકલ્પ કર્યો હતો. આ અંતર્ગત રૂ. ૫૧ હજારથી વધુની ટિકિટનું વેચાણ થયું હતું. ગ્રુપના સભ્યોએ તેમાં પોતાની તરફથી રકમ ઉમેરી કુલ રૂ. ૫૫,૫૫૫નું અનુદાન આપવાનું નક્કી કર્યું હતું. આ સંકલ્પને સાકાર કરતાં કીમ જીનમાં આવેલી બોલાવ મંડળી ખાતે કીમ યુવા શક્તિ ગ્રુપના સભ્યોએ કીમ વિભાગીય મુક્તિધામના હોદ્દેદારોને રૂ. ૫૫,૫૫૫ની રકમ અર્પણ કરી હતી. આ પ્રસંગે મુક્તિધામના હોદ્દેદારોએ પુષ્પગુચ્છ અર્પણ કરી ગ્રુપનું અભિવાદન કર્યું હતું. સાથે જ ગ્રુપના સેવાકાર્યને બિરદાવી ભવિષ્યમાં મુક્તિધામ ખાતે યોજાનારાં નાનાં-મોટાં કાર્યોમાં સહકાર આપવાની ખાતરી પણ આપી હતી. નવરાત્રીના ધાર્મિક અને સાંસ્કૃતિક પર્વને સેવાકાર્ય સાથે જોડીને કીમ યુવા શક્તિ ગ્રુપે સામાજિક જવાબદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ચંદ્રવાણમાં જુગારધામ પર પોલીસનો દરોડો, છ શખ્સો ઝડપાયા; પાંચ વોન્ટેડ



**દ્રષ્ટિકોણ-નેત્રંગઃ** ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચંદ્રવાણ ગામમાં જુગાર રમતા શખ્સો પર પોલીસે દરોડો પાડી છ લોકોને ઝડપી પાડ્યા હતા. જ્યારે પોલીસને જોઈ પાંચ શખ્સો ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને જુગારના સાધનો સહિત કુલ રૂ.૧૨,૪૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

નેત્રંગ પોલીસને મળેલી બાતમીના આધારે ટીમે ચંદ્રવાણના ભગત ફળિયામાં બ્રમાણી બોરવેલ સામેના કાચા રસ્તે બોરડીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસે દાવ પર મૂકેલા રૂ.૨,૮૪૦ અને પકડાયેલા શખ્સોની અંગઝડતીમાંથી મળેલા રૂ.૯,૫૯૦ કબજે કર્યા હતા. આ ઉપરાંત પર પત્તાં અને પ્લાસ્ટિકની થેલીનું પાથરણું પણ કબજે કર્યું હતું.પકડાયેલા આરોપીઓમાં જહીર ઈનાયતભાઈ પટેલ અને ઈમરાન ઈકબાલ મેમણ (બંને જવાહર બજાર, નેત્રંગ), આરીફ અનવર પઠાણ (લાલ મંટોડી, નેત્રંગ), રાજેશભાઈ પુનીયાભાઈ વસાવા (તાડ ફળિયું, ચંદ્રવાણ), રમેશભાઈ ઝીણાભાઈ માછી (શાંતિનગર, નેત્રંગ) અને સબીરભાઈ પીરૂભાઈ મલેક (કોસ્યાકોલા, નેત્રંગ)નો સમાવેશ થાય છે.પોલીસને જોઈ ફરાર થયેલા ભરતભાઈ છેલીયાભાઈ વસાવા, સંકેતભાઈ વસાવા, કલ્પેશભાઈ સુખદેવભાઈ વસાવા અને વિશાલભાઈ મુકેશભાઈ વસાવા (ચારેય ચંદ્રવાણ) તેમજ આરીફ ઉર્ફે ગોટી પઠાણ (નેત્રંગ)ને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે કુલ ૧૧ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વર ઉદ્યોગનગર રેલવે ફાટક પાસે ગુડ્સ ટ્રેનની અડફેટે યુવકનો પગનો પંજો કપાયો

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર :** અંકલેશ્વરના સાળંગપુર વિસ્તારમાં શાંતિનગર પાસે આવેલા ઉદ્યોગનગર રેલવે ફાટક નજીક ગુડ્સ ટ્રેનની અડફેટે આવી જતાં એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માતમાં યુવકના પગનો પંજો કપાઈ જતાં ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ હતી.મળતી માહિતી મુજબ, યુવક રેલવે ટ્રેક પર બેઠો હતો તે દરમિયાન અંકલેશ્વર-રાજપીપળા રેલવે લાઈન પરથી પસાર થઈ રહેલી ગુડ્સ ટ્રેનની અડફેટે આવી ગયો હતો. જેના પગલે તેના પગનો પંજો કપાઈ ગયો હતો.

બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

# વતન જતાં મુસાફરો પાસેથી ત્રણ ગણું ભાડું વસૂલાતું હોવાનો આક્ષેપ

**દ્રષ્ટિકોણ-સુરત,** દિવાળીના તહેવાર દરમિયાન વતન જવા માટે નીકળેલા મુસાફરોની વધતી ભીડ વચ્ચે ખાનગી લક્ઝરી બસ સંચાલકો દ્વારા ભાડામાં મનસ્વી વધારો કરવામાં આવતો હોવાની ફરિયાદો ઊઠી છે. સામાન્ય દિવસોની સરખામણીએ તહેવારોના સમયમાં ત્રણ ગણું ભાડું વસૂલવામાં આવતું હોવાના આક્ષેપ સાથે સુરતની વરાછા બેઠકના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ આ મામલે આકોશ વ્યક્ત કર્યો છે. તેમણે સરકાર સમક્ષ ખાનગી બસોના બેફામ ભાડા વધારા પર નિયંત્રણ લાવવા અને મુસાફરોને રાહત આપવાની માગ કરી છે.

દિવાળીના તહેવારમાં સુરત સહિતના શહેરોમાં વસતા મોટી સંખ્યામાં લોકો પોતાના વતન તરફ પ્રયાણ કરતા હોય છે. આ દરમિયાન ટ્રેન અને સરકારી બસોમાં મુસાફરોની ભીડ વધતાં અનેક લોકો ખાનગી લક્ઝરી બસનો વિકલ્પ પસંદ કરે છે. સરકાર સમક્ષ ખાનગી બસોના બેફામ ભાડા વધારા પર નિયંત્રણ લાવવા અને મુસાફરોને રાહત આપવાની માગ કરી છે.

દિવાળીના તહેવારમાં સુરત નાગરિકો તરફથી મળેલી ફરિયાદોના આધારે ધારાસભ્ય કુમાર કાનાણીએ ખાનગી બસ સંચાલકોની ભાડા વસૂલવાની પદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યા છે.

## તહેવારની મજબૂરીનો લાભ લેવાતો હોવાનો આક્ષેપઃ દિવાળીમાં ખાનગી લક્ઝરી બસ સંચાલકોની મનમાની સામે વરાઠા બેઠકના ધારાસભ્ય કુમાર કાનાણીનો આકોશ

કુમાર કાનાણીએ સરકારને રજૂઆત કરીને તહેવારો દરમિયાન ખાનગી લક્ઝરી બસોના મનસ્વી ભાડા વધારા પર અંકુશ મૂકવા માટે યોગ્ય પગલાં ભરવાની માગ કરી છે. તેમના જણાવ્યા અનુસાર, તહેવારોના સમયમાં મુસાફરો મુસાફરોની આ મજબૂરીનો લાભ લઈને કેટલાક ખાનગી બસ સંચાલકો સામાન્ય દિવસો કરતાં ત્રણ ગણું ભાડું વસૂલતા હોવાની ફરિયાદો સામે આવી છે.

## બંને ડેમને સંપૂર્ણ ભરવાનું આયોજન

# રાજકોટના આજી-ન્યારી ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ

**દ્રષ્ટિકોણ-રાજકોટ, તા.૫**

આગામી ઉનાળામાં રાજકોટવાસીઓને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે માટે મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની સૌની યોજના અંતર્ગત આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ કરવામાં આવી છે. બીજા તબક્કા હેઠળ બંને ડેમમાં દરરોજ કુલ ૩૫ મિલિયન ક્યુબિક ફીટ (MCFT) પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. બંને જળાશયોને તેમની સંપૂર્ણ સંગ્રહ ક્ષમતા સુધી ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**ઉનાળાના સંભવિત જળસંકટને પહોંચી વળવા સૌની યોજના હેઠળ રોજ ૩૫ MCFT પાણીની આવક**

રાજકોટ શહેરની સતત વધી રહેલી વસ્તી અને પીવાના પાણીની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સૌની યોજના મારફતે આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં કુલ ૪,૦૦૦ MCFT નર્મદાનું પાણી ફાળવવાની માંગ કરવામાં આવી હતી. આ માંગને પગલે હાલ બીજા તબક્કામાં બંને ડેમમાં પાણી પહોંચાડવાની કામગીરી શરૂ થઈ છે.હાલની વ્યવસ્થા મુજબ આજી-૧ ડેમમાં દરરોજ ૨૦ MCFT અને ન્યારી-૧ ડેમમાં દરરોજ ૧૫ MCFT પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. આમ, બંને ડેમમાં મળીને રોજનું ૩૫ MCFT નર્મદાનું પાણી પહોંચશે. આ સતત આવકના કારણે આગામી દિવસોમાં બંને જળાશયોના જળસંગ્રહમાં નોંધપાત્ર વધારો થવાની આશા છે.

હાલના જળસંગ્રહના આંકડા મુજબ આજી-૧ ડેમની કુલ ક્ષમતા ૯૧૮ MCFT છે, જેની સામે હાલમાં ૪૩૫ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે ન્યારી-૧ ડેમની કુલ સંગ્રહ ક્ષમતા ૧,૨૪૮ MCFT છે, જેની સામે હાલ ૩૬૫ MCFT પાણી સંગ્રહિત છે.

જળસ્તરની વાત કરીએ તો આજી-૧ ડેમમાં ૨૦.૫૩ ફૂટ અને ન્યારી-૧ ડેમમાં ૧૪.૨૭ ફૂટ જળસ્તર નોંધાયું છે. નર્મદાના નીરની સતત આવકથી બંને ડેમની જળસંગ્રહ ક્ષમતા વધારવામાં મદદ મળશે.

રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ નર્મદાના નીરના આગમનને આવકાર્યું હતું. મેયર ડૉ. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે રાજકોટના નાગરિકોને વર્ષભર પૂરતું પીવાનું પાણી મળી રહે અને ઉનાળાના દિવસોમાં પાણી વિતરણ વ્યવસ્થા પર વધારાનું દબાણ ન સર્જાય તે માટે જળસ્રોતોને મજબૂત બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પણ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા, પાણીનો બગાડ અટકાવવા અને જળસંરક્ષણની કામગીરીમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

આમ, ઉનાળાની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયસર શરૂ કરાયેલી નર્મદાના નીરની આવક રાજકોટ માટે રાહતરૂપ બની શકે છે. બંને ડેમ સંપૂર્ણ ભરાય તો આગામી ઉનાળામાં શહેરના પાણી પુરવઠા માટે મોટો આધાર મળી રહેશે.

# મેરેજ ઈન્વિટેશનની APK ફાઈલ બની લૂંટનું માધ્યમ

**દ્રષ્ટિકોણ-વડોદરા, તા.૫**

સાયબર ઠગો હવે લગ્નના આમંત્રણનો સહારો લઈને લોકોના બેંક ખાતાં ખાલી કરી રહ્યા હોવાની ચોંકાવનારી ઘટના વડોદરાના તરસાલી વિસ્તારમાં સામે આવી છે. મેરેજ ઈન્વિટેશનના નામે આવેલી APK ફાઈલ ડાઉનલોડ કરવી ખાનગી કંપનીના કર્મચારીને ભારે પડી છે. આ ફાઈલ ડાઉનલોડ કર્યાના આશરે એક સપ્તાહ બાદ તેમના મોબાઈલ પર માત્ર પાંચ મિનિટમાં એક પછી એક 19 OTP આવ્યા હતા. ત્યારબાદ આઠ અજાણ્યા ફોન કોલ પણ આવ્યા હતા. થોડી જ વારમાં બેંક ખાતામાંથી રૂ. ૪.૯૧ લાખ ઉપડી જતાં ભોગ બનનારને આર્થિક ફટકો પડ્યો છે.

તરસાલીની વ્રજધામ સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા નિલેશભાઈ પટેલે પોલીસ સમક્ષ કરેલી ફરિયાદ મુજબ, ગત ૧૧ સપ્ટેમ્બરે તેમના મોબાઈલ પર મેરેજ ઈન્વિટેશનના નામે APK ફાઈલ આવી હતી. તેમણે આ ફાઈલ ડાઉનલોડ કરી હતી, જોકે ફાઈલ યોગ્ય રીતે ખૂલી નહોતી. ફાઈલ ડાઉનલોડ કર્યાના ચારેક દિવસ બાદ સોસાયટીમાં રહેતા એક મિત્રએ છદ્ધ ફાઈલના નામે ચાલતા સાયબર ફ્રોડ અંગે તેમને જાણ કરી હતી. આથી નિલેશભાઈએ સાવચેતીના ભાગરૂપે પોતાના મોબાઈલમાંથી તે ફાઈલ ડિલીટ કરી દીધી હતી. જોકે, ત્યારબાદ પણ તેમની સાથે છેતરપિંડીની ઘટના બની હતી.

ફરિયાદ મુજબ, ૧૮ સપ્ટેમ્બરની રાત્રે અચાનક માત્ર પાંચ મિનિટના ટૂંકા ગાળામાં તેમના મોબાઈલ પર ઉપરાછાપરી 19 OTP આવ્યા હતા. આ દરમિયાન આઠ અજાણ્યા ફોન કોલ પણ આવ્યા હતા. ફોન કરનાર વ્યક્તિઓની વાતચીત શંકાસ્પદ જણાતી હોવાનું તેમણે પોલીસને જણાવ્યું હતું.

# બોર્ડ પરીક્ષા પહેલાં જ ફીનો બોજ વધ્યો, ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા મોંઘી

**દ્રષ્ટિકોણ-ગાંધીનગર, તા.૫**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૭માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની ફીમાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સ્ટેશનરી સહિત પરીક્ષા સંલગ્ન વિવિધ ખર્ચમાં થયેલા વધારાને પગલે બોર્ડ દ્વારા નવું ફી માળખું જાહેર કરવામાં આવ્યું છે. નવા નિર્ણયથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પર પરીક્ષાના ખર્ચનું વધારાનું ભારણ પડશે. ધોરણ ૧૦ની પરીક્ષા ફીમાં રૂ.૨૦, જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં રૂ.૩૫ અને સામાન્ય પ્રવાહમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો છે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા ફી માળખા મુજબ ધોરણ ૧૦ના નિયમિત વિદ્યાર્થીઓએ અગાઉ રૂ.૪૨૫ પરીક્ષા ફી ચૂકવવાની થતી હતી, જે વધારીને હવે રૂ.૪૪૫ કરવામાં આવી છે. જ્યારે રિપીટર અને ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓ માટે અગાઉની રૂ.૪૧૫ ફી વધારીને રૂ.૪૩૫ કરવામાં આવી છે. આમ, ધોરણ ૧૦ના તમામ સંબંધિત ઉમેદવારો માટે પરીક્ષા ફીમાં રૂ.૨૦નો વધારો થયો છે.

**ધોરણ ૧૦ની ફીમાં રૂ.૨૦, ધોરણ ૧૨ સાયન્સમાં રૂ.૩૫ અને સામાન્ય પ્રવાહમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો**

ધોરણ ૧૨ સાયન્સના નિયમિત વિદ્યાર્થીઓ માટે નવી પરીક્ષા ફી રૂ.૭૬૦ નક્કી કરવામાં આવી છે. આ પ્રવાહમાં અગાઉની સરખામણીએ રૂ.૩૫નો વધારો થયો છે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ફીમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો છે. વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાઓ માટે પણ બોર્ડ દ્વારા નવું ફી માળખું જાહેર કરવામાં આવ્યું છે.

બોર્ડ દ્વારા ધોરણ ૧૦, સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

નિયમિત ફી સાથે વિદ્યાર્થીઓ ૩ ડિસેમ્બર સુધી આવેદનપત્ર ભરી શકશે. નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત રિપીટર અને અન્ય તમામ ઉમેદવારોએ ફરજિયાત ઓનલાઈન માધ્યમથી જ પરીક્ષાનાં ફોર્મ ભરવાનાં રહેશે.

# રિક્ષાની ટક્કરથી બે મહિલાઓ પટકાતાં ચાલકને જાહેરમાં મેથીપાક

**જામનગરમાં અકસ્માત બાદ હાઈવોલ્ટેજ ડ્રામાઃ સ્કૂટર પર બે મહિલાઓ પસાર થઈ રહી હતી , આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલી રિક્ષાએ સ્કૂટરને ટક્કર મારી**

**દ્રષ્ટિકોણ-જામનગર, તા. ૫**

જામનગરના ડી.કે.વી. સર્કલ પાસે ગઈકાલે રાત્રે અકસ્માત બાદ જાહેરમાં ભારે હોબાળો સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી રિક્ષાએ આગળ જઈ રહેલા સ્કૂટરને ટક્કર મારતાં તેના પર સવાર બે મહિલાઓ રસ્તા પર પટકાઈ પડી હતી. આ ઘટનાથી રોષે ભરાયેલી બંને મહિલાઓએ રિક્ષાચાલક સાથે બોલાચાલી કર્યા બાદ તેને જાહેરમાં માર માર્યો હતો. સમગ્ર ઘટનાને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં.મળતી માહિતી મુજબ, ડી.કે.વી. સર્કલ નજીક રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના અરસામાં સ્કૂટર પર બે મહિલાઓ પસાર થઈ રહી હતી. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલી રિક્ષાએ સ્કૂટરને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને મહિલાઓ રસ્તા પર પટકાઈ પડી હતી. અકસ્માત બાદ મહિલાઓએ રિક્ષાચાલકને રોકીને તેની સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી અને ત્યારબાદ મારામારીના દશ્યો સર્જાયાં હતાં.

ઘટનાસ્થળે હાજર કેટલાક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રિક્ષાચાલક દારૂના નશામાં હોવાની આશંકા હતી. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી. અકસ્માત બાદ મહિલાઓએ રિક્ષાચાલક સામે ભારે રોષ વ્યક્ત કરતાં આસપાસના લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

આ સમગ્ર ઘટનાનો એક રાહદારીએ પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી લીધો હતો. અકસ્માત બાદ મહિલાઓ અને રિક્ષાચાલક વચ્ચે થયેલી બોલાચાલી તથા મારામારીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

# ભાણિયા અને તેની પત્નીએ નિવૃત્ત PSIને ૧.૯૪ કરોડનો ચૂનો લગાવ્યો

**ગાંધીનગર,** શેરબજારમાં ઊંચા નફાની લાલચ આપી સાસરી પક્ષનો ભાણિયો અને તેની પત્નીએ નિવૃત્ત PSI સાથે રૂ.૧.૯૪ કરોડની છેતરીપિંડી આચરી હોવાનો બનાવ ગાંધીનગરના સેકટર ૭ પોલીસ મથકમાં નોંધાયો છે. તેના આધારે પોલીસે CA દંપતી સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર સેક્ટર-૫બીમાં રહેતા નિવૃત્ત પીએસઆઈ શૈલેષભાઈ બચુભાઈ નાયકે સરગાસણ મેઘ મલ્હાર સોસાયટીમાં રહેતા સાસરી પક્ષના ભાણિયા જ્વલિન ઉર્ફે જય પ્રકાશભાઈ નાયક અને તેના પત્ની બોસ્કી સામે ફરિયાદ નોંધાવી છે. આ દંપતી CA હોવાથી પીએસઆઈનું ઈન્કમટેક્સ રિટર્ન ભરતા હતા જેથી તેઓ તેમના પરિવારની આર્થિક સ્થિતિથી સારી રીતે જાણતા હતા.

વર્ષ ૨૦૨૪માં દંપતીએ ફોજદારના ઘરે જઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ઊંચી જગ્યાએ રોકાણ કરી ઊંચો નફો કમાઈ આપવાની વાત કરી હતી અને દાવો કર્યો હતો કે તે સાબરમતી ગેસ કંપનીમાં CA તરીકે નોકરી કરે છે અને કોન્ટ્રાક્ટરોના બિલો તેની સહીથી મંજૂર થતા હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો.ફરિયાદ મુજબ આરોપી CA દંપતીએ ફરિયાદીના નામે ડીમેટ એકાઉન્ટ ખોલી તેનો લોગિન આઈડી અને પાસવર્ડ પોતાની પાસે રાખીને ઓપરેટ કર્યું હતું. એક તબક્કે ડીમેટમાં ૨.૩૮ કરોડ રૂપિયાનો નફો બતાવી નાણાં પરત આપવાના સમયે ગલ્લા-તલ્લા કર્યા હતા. શંકા જતાં તપાસ કરતા માલૂમ પડ્યું કે આરોપીએ ઈમેલ આઈડી બદલી નાખ્યું હતું.

આ ઉપરાંત, ફરિયાદીને વિશ્વાસ અપાવવા માટે એસ.બી.આઈ. બેંકના બનાવટી સિક્કા મારેલી બનાવટી ભરણા સ્લિપ મોકલી ૫ લાખ જમા કરાવ્યા હોવાનો નકલી દાવો પણ કર્યો હતો.

# પાલનપુરમાં ભાજપ બક્ષીપંચ મોરચાની જિલ્લા કારોબારી બેઠક યોજાઈ



**સંગઠન મજબૂતી, સામાજિક ન્યાય અને સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર મુદ્દે મંથન; બક્ષીપંચ સમાજને ૨૭ ટકા અનામત આપવા બદલ કેન્દ્ર-રાજ્ય સરકારનો આભાર માનતો ઠરાવ પસાર**

**દ્રષ્ટિકોણ-પાલનપુર :** ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચા બનાસકાંઠા જિલ્લા દ્વારા જિલ્લા કારોબારી બેઠક માનનીય પ્રદેશ મહામંત્રી બક્ષીપંચ મોરચા અને ઉત્તર ઝોન પ્રભારી અનિમેશભાઈ માળીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં સંગઠન મજબૂતી, સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર, સામાજિક ન્યાય અને બક્ષીપંચ સમાજના હિતલક્ષી મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા પ્રમુખ શ્રી અલ્પેશજી ઠાકોરે શાબ્દિક સ્વાગત કર્યું હતું. ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના મહામંત્રીશ્રી દિનેશભાઈ મેવાડા, બનાસકાંઠા બક્ષીપંચ મોરચાના પ્રભારીશ્રી વિજયસિંહ વણઝારા, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી રસિકજી ઠાકોર, શ્રી તરુણભાઈ મોદી સહિતના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોના સ્વાગત બાદ શોકપ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સરકારી યોજનાઓના પ્રેઝન્ટેશન દ્વારા સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો અંગે માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાની યાત્રાને બિરદાવતો અભિનંદન ઠરાવ જિલ્લા બક્ષીપંચ મોરચા સોશિયલ મીડિયા ઈન્ચાર્જ શ્રી રશ્મિકાંત મંડોરા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં વડાપ્રધાનશ્રીની સેવા, સમર્પણ, સુશાસન અને રાષ્ટ્રનિર્માણ માટેની કામગીરીને બિરદાવવામાં આવી હતી. બક્ષીપંચના લાભાર્થે સરકારી યોજનાઓની સઘળી માહિતી બનાસકાંઠા બક્ષીપંચ મોરચાના ઉપ પ્રમુખ સંજયભાઈ દેસાઈ દ્વારા રજુ કરવામાં આવી હતી.

બક્ષીપંચ સમાજને ૨૭ ટકા અનામતના લાભ બદલ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરતો ઠરાવ શ્રી જયેશભાઈ દેસાઈ જિલ્લા કારોબારી સભ્યો બક્ષીપંચ મોરચા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. બેઠકમાં ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના મહામંત્રી શ્રી અનિલભાઈ માળી, ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ મેવાડા, બક્ષીપંચ મોરચાના બનાસકાંઠા પ્રભારી શ્રી વિજયસિંહ વણઝારા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી રસિકજી ઠાકોરે માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં બક્ષીપંચ મોરચાના બનાસકાંઠા જિલ્લા મહામંત્રી શ્રી કિર્તિભાઈ મેવાડાએ આભારવિધિ કરી હતી. રાષ્ટ્રગીત સાથે બેઠકનું સમાપન થયું હતું. સમગ્ર સભાનું સંચાલન બનાસકાંઠા જિલ્લા મહામંત્રી શ્રી સતિષભાઈ ભોજક દ્વારા કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર મિલિન્દ બાપનાની ધનસુરા પ્રાથમિક શાળા નંબર ૧ ખાતે શાળા અને મધ્યાહન ભોજન યોજનાની આકસ્મિક મુલાકાત

**મધ્યાહન ભોજન યોજનામાં ગેરરીતિ બદલ નાયબ મામલતદારને સસ્પેન્ડ કરવા કાર્યવાહી, સંચાલકને દૂર કરવા સૂચના**



**અરવલ્લી:** અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાએ ધનસુરા પ્રાથમિક શાળા નંબર ૧ ખાતે શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક વ્યવસ્થા તેમજ મધ્યાહન ભોજન યોજનાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન મધ્યાહન ભોજન યોજનામાં થયેલી ગેરરીતિઓને ગંભીરતાથી ધ્યાને લઈ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણમાં ગેરરીતિ સામે આવતાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત નાયબ મામલતદારને સસ્પેન્ડ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ, મધ્યાહન ભોજન યોજનાના સંચાલકને દૂર કરવા સંબંધિત મામલતદારને સૂચના આપી હતી.શાળાની કામગીરી અને મધ્યાહન ભોજન યોજનાના સંચાલન અંગે જવાબદારી નક્કી કરીને જરૂરી પગલાં લેવા પર ભાર મૂકતાં જિલ્લા કલેક્ટરે શિક્ષણ વિભાગને સંબંધિત આચાર્ય સામે પણ નિયમોનુસાર કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સ્વચ્છ, સુરક્ષિત તથા નિયમોનુસાર મધ્યાહન ભોજન ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું સંબંધિત તંત્રની જવાબદારી છે. સરકારી યોજનાઓના અમલીકરણમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં અને જવાબદારો સામે નિયમોનુસાર કડક પગલાં લેવામાં આવશે.

# ભરૂચ સ્વદેશી મેળામાં હાર્દિકદાન ગઢવીના લોકસંગીતે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા



**લોકગીતોની પ્રસ્તુતિથી કાર્યક્રમમાં લોકસંસ્કૃતિ અને સંગીતનો માહોલ જામ્યો**

**દ્રષ્ટિકોણ-ભરૂચ:** ભરૂચ નગરપાલિકા દ્વારા આયોજિત ભરૂચ સ્વદેશી મેળા અંતર્ગત તા. ૦૪/૧૧/૨૦૨૬ના રોજ સાંજે ૮ વાગ્યે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાણીતા લોકગાયક હાર્દિકદાન ગઢવીએ પોતાની આગવી શૈલીમાં લોકસંગીતની પ્રસ્તુતિ કરી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમના લોકગીતોની પ્રસ્તુતિથી કાર્યક્રમમાં લોકસંસ્કૃતિ અને સંગીતનો માહોલ જામ્યો હતો.

ભરૂચ કલેક્ટર કચેરી રોડ પર આયોજન ભવનની સામે આવેલા સંકટ મોચન હનુમાનજી મંદિરના પટાંગણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંગીતપ્રેમીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. હાર્દિકદાન ગઢવીની લોકસંગીતની પ્રસ્તુતિએ ઉપસ્થિત લોકોને લોકસંગીતના રંગે રંગ્યા હતા. સ્વદેશી મેળાના માધ્યમથી સ્થાનિક નાગરિકોને સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણવાની તક મળી હતી. કાર્યક્રમના આયોજનમાં ભરૂચ નગરપાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

સ્વદેશી મેળાના ભાગરૂપે યોજાયેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકસંસ્કૃતિ અને પરંપરાગત સંગીતને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો. કલાકારની પ્રસ્તુતિ દરમિયાન ઉપસ્થિત શ્રોતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ભરૂચ નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ, પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવા સહિત તમામ નગરસેવકો, પદાધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. નગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમ સ્વદેશી મેળાના સાંસ્કૃતિક આકર્ષણોમાંનો એક બન્યો હતો.

# અંકલેશ્વર ઉદ્યોગનગર રેલવે ફાટક પાસે ગુડ્સ ટ્રેનની અડફેટે યુવકનો પગનો પંજો કપાયો



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વરના સાળંગપુર વિસ્તારમાં શાંતિનગર પાસે આવેલા ઉદ્યોગનગર રેલવે ફાટક નજીક ગુડ્સ ટ્રેનની અડફેટે આવી જતાં એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માતમાં યુવકના પગનો પંજો કપાઈ જતાં ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ હતી.મળતી માહિતી મુજબ, યુવક રેલવે ટ્રેક પર બેઠો હતો તે દરમિયાન અંકલેશ્વર-રાજપીપળા રેલવે લાઈન પરથી પસાર થઈ રહેલી ગુડ્સ ટ્રેનની અડફેટે આવી ગયો હતો. જેના પગલે તેના પગનો પંજો કપાઈ ગયો હતો.

બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# દિવાળીની ખરીદી કરવા આવેલા યુવકની બાઈક ચોરી, ઉત્તર પ્રદેશનો યુવક ઝડપાયો



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામ નજીક ગ્રીન સીટી સોસાયટી સામે આવેલી ઈલેક્ટ્રોનિક્સની દુકાન બહારથી બાઈકની ચોરી થતાં અંકલેશ્વર રૂરલ પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી બાઈક ચોરને ઝડપી પાડ્યો હતો.કાનવા ગામના વતની મનોજકુમાર વસાવા ગત ૨ નવેમ્બરના રોજ દિવાળીની ખરીદી કરવા આવ્યા હતા. આ દરમિયાન તેમણે દુકાન બહાર પાર્ક કરેલી બાઈક અજાણ્યો તસ્કર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. જેમાં જીતાલી ગામની રાજહોમ સોસાયટીમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના ૨૪ વર્ષીય યુવકને ચોરાયેલી બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે બાઈક કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# નવસારી મનપાના આઉટસોર્સિંગ કર્મચારીઓનો પગાર વિવાદ યથાવત્

**દિવાળી પહેલાં બે મહિનાનો પગાર બાકી હોવા છતાં માત્ર એક મહિનાનો પગાર ચૂકવાયો હોવાનો આક્ષેપ; ફાયર બ્રિગેડ સહિતના ૪૦થી ૫૦ કર્મચારીઓમાં રોષ**

**દ્રષ્ટિકોણ-નવસારી:** નવસારી મહાનગરપાલિકામાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓના પગારનો વિવાદ દિવાળી બાદ પણ યથાવત્ રહેતાં કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. દિવાળી ટાણે સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનાનો પગાર બાકી હોવા છતાં કર્મચારીઓને માત્ર એક જ મહિનાનો પગાર ચૂકવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. જ્યારે હજુ પણ એક મહિનાનો પગાર બાકી રહેતાં કર્મચારીઓએ તંત્ર સમક્ષ પોતાની માંગણી ઉઠાવી છે.

મનપામાં કોન્ટ્રાક્ટ આધારિત કામગીરી કરતા ફાયર બ્રિગેડ સહિતના અન્ય વિભાગોના અંદાજે ૪૦થી ૫૦ કર્મચારીઓને સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનાનો પગાર સમયસર મળ્યો નહોતો. દિવાળી પહેલાં પગાર ચૂકવવાની માંગ સાથે કર્મચારીઓએ મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતો અને દબાણ બાદ તંત્ર દ્વારા બાકી બે મહિનાના પગારમાંથી માત્ર એક મહિનાનો પગાર ચૂકવવામાં આવ્યો હોવાનું કર્મચારીઓનું કહેવું છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેઓ કોઈ એડવાન્સ કે બોનસની માંગણી કરી રહ્યા નથી, પરંતુ કરેલી મહેનતના હકના નાણાં જ માંગી રહ્યા છે. અન્ય વિભાગોના કર્મચારીઓને પગાર ચૂકવાઈ ગયો હોવા છતાં આઉટસોર્સિંગ કર્મચારીઓના બે મહિનાના પગારમાંથી માત્ર એક મહિનાનો પગાર જમા થતાં અસંતોષ ફેલાયો છે.

ખાસ કરીને ફાયર બ્રિગેડ વિભાગ ઉપરાંત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા જેવી આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા કર્મચારીઓ પણ પોતાની માંગણીઓ માટે આંદોલનના માર્ગે ઉતર્યા હોવાનો ઉલ્લેખ છે.

કર્મચારીઓની રજૂઆતો છતાં બાકી પગારની ચૂકવણીમાં વિલંબ થતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. કર્મચારીઓએ બાકી રહેલો એક મહિનાનો પગાર વહેલી તકે ચૂકવવાની માંગ કરી છે. હવે મનપા તંત્ર દ્વારા બાકી પગારની ચૂકવણી ક્યારે કરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

# બંધ મકાનનો નકુચો તોડી રૂ. ૧.૯૨ લાખના સોનાના દાગીનાની ચોરી, બે તસ્કરો ઝડપાયા




**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વરના નવી દીવી રોડ પર આવેલા શિવદર્શન બંગલોઝમાં બંધ મકાનને નિશાન બનાવી રૂ. ૧,૯૨,૩૬૦ની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરવાના ગુનાનો અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

ગત ૧ ઓક્ટોબરની રાત્રે મકાનમાલિક પરિવાર સાથે બહારગામ ગયા હતા ત્યારે તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાંથી એક તોલાની સોનાની ચેઈન, કાળા મોતીવાળું મંગળસૂત્ર અને સોનાની કડી મળી કુલ ૧૪ ગ્રામ સોનાના દાગીના ચોરી કરી ફરાર થયા હતા.

પોલીસે ગહન તપાસના અંતે ભરૂચના ૨૪ વર્ષીય અને ૧૯ વર્ષીય બે શખ્સોને ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભરૂચની Hikal કંપની દ્વારા CISF જવાનો માટે આઉટડોર જિમની સુવિધા શરૂ કરાઈ



**દ્રષ્ટિકોણ-ભરૂચ:** સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે CISFના જવાનોની શારીરિક તંદુરસ્તી અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા Hikal Ltd. દ્વારા આઉટડોર જિમની સુવિધા ઊભી કરવામાં આવી છે. ૨ નવેમ્બરના રોજ CISF કેમ્પસ ખાતે આ સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.Hikalની CSR પહેલ અંતર્ગત Vishakha Baa Foundationના સહયોગથી આ જિમ તૈયાર કરવામાં આવ્યું છે. ઉદ્ઘાટન પ્રસંગે સુરત એરપોર્ટના ડાયરેક્ટર આનંદ શર્મા, CISFના કમાન્ડન્ટ કુમાર અભિષેક સહિત Hikalના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. Hikalના પાનોલી ક્લસ્ટર હેડ સુબ્રત સત્યપથીના હસ્તે સુવિધાનું ઉદ્ઘાટન કરાયું હતું. એરપોર્ટની સુરક્ષાની જવાબદારી નિભાવતા CISF જવાનોને નિયમિત કસરત માટે સુલભ સુવિધા મળી રહે તે હેતુથી આ જિમ બનાવવામાં આવ્યું છે. જવાનોની ફરજ શારીરિક રીતે પડકારજનક હોવાથી આ સુવિધા તેમની તંદુરસ્તી, શારીરિક ક્ષમતા અને લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે ઉપયોગી બનશે. Hikalના પાનોલી ક્લસ્ટર હેડ સુબ્રત સત્યપથીએ જણાવ્યું હતું કે, દેશના મહત્ત્વપૂર્ણ માળખા અને નાગરિકોની સુરક્ષા માટે CISF જવાનો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમની શારીરિક તંદુરસ્તી અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને આ પહેલ કરવામાં આવી છે. CISFના કમાન્ડન્ટ કુમાર અભિષેકે Hikalનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, જવાનોની દૈનિક ફરજની પડકારજનક પ્રકૃતિને ધ્યાનમાં રાખીને આ આઉટડોર જિમ તેમને સક્રિય રહેવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની તક આપશે.


Clasified વર્ગીકૃત જાહેરાત





















E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત જિલ્લો
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Friday, 06 November-2026
શુક્રવાર, તા.૦૬/૧૧/૨૦૨૬

# સુરતના એક જ પરિવારના ચાર સભ્યોનો ઉત્તરકાશીમાં ગમખ્વાર અકસ્માતમાં કરુણ અંત

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૫**

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં આજે સવારે ગંગોત્રી નેશનલ હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરતના એક જ પરિવારના સભ્યોને લઈ જતી ઈનોવા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ભાગીરથી નદીમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કારચાલક સહિત ચાર શ્રદ્ધાળુઓનાં કરુણ મોત નીપજ્યાં હોવાની માહિતી સામે આવી છે, જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. કારમાં સવાર અન્ય બે મહિલાઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ગંગનાની વિસ્તાર નજીક ધારાખુંડ પાસે કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર બેકાબૂ બની ખીણમાં ખાબકી હતી અને સીધી ભાગીરથી નદીમાં પડી હતી. અકસ્માતની જાણ થતાં જ દ્રઢઈહ્વની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી હતી.

આ દુર્ઘટનામાં સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી લલિતા ચોકડી નજીક શિવાલિક રેસિડેન્સીમાં રહેતા ૪૯ વર્ષીય અશોકભાઈ પટેલ અને તેમની ૧૯ વર્ષીય પુત્રી રીતિકા અશોકભાઈ પટેલનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે તેમનો ૧૭ વર્ષીય પુત્ર વેદાંત અશોકભાઈ પટેલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. અશોકભાઈનાં પત્ની ગુમ થતાં તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ અકસ્માતમાં કુલ ચાર લોકોનાં મોત થયાં હોવાની માહિતી છે, જ્યારે એક યુવક ઘાયલ અને બે મહિલાઓ ગુમ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, અન્ય મૃતકોની ઓળખ અંગે વિગતો સ્પષ્ટ થવાની બાકી છે. દિવાળીના તહેવારોની તૈયારીઓ વચ્ચે સુરતના પરિવાર પર આવી પડેલી આ આફતથી કતારગામ સહિત સમગ્ર શહેરમાં શોકની લાગણી ફેલાઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર દ્વારા પણ મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરી તેમને શક્ય તમામ મદદ પહોંચાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે.










**ભાગીરથી નદીમાં ખાબકેલી ઈનોવા કારમાં સવાર પિતા અને ૧૯ વર્ષીય પુત્રીનાં મોત, ૧૭ વર્ષીય પુત્ર ગંભીર રીતે ઘાયલ; માતા સહિત બે મહિલાઓની શોધખોળ ચાલુ**

### ગંગોત્રી હાઈવેનો સંવેદનશીલ પહાડી વિસ્તાર: એક તરફ ઊંચા પહાડ, બીજી તરફ ઊંડી ખીણ અને ભાગીરથી નદી

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં આવેલો ગંગનાની વિસ્તાર ગંગોત્રી નેશનલ હાઈવે પર હિમાલયની પર્વતમાળાઓ વચ્ચે આવેલો છે. ગંગોત્રી ધામ જતા યાત્રાળુઓ માટે આ માર્ગ મહત્ત્વનો છે. અહીં પર્વતો કાપીને રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. અનેક સ્થળોએ રસ્તાની એક તરફ ઊંચા ખડકો છે, જ્યારે બીજી તરફ ઊંડી ખીણમાંથી ભાગીરથી નદી વહે છે.

સાંકડી ખીણ અને દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિને કારણે આ માર્ગ પર વાહન ચલાવવું પડકારજનક બની શકે છે. ખાસ કરીને વાહનચાલકનો કાબૂ છૂટે તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા રહે છે. અકસ્માત બાદ ખીણમાં ખાબકેલા વાહન અને તેમાં ફસાયેલા લોકોને શોધવા તેમજ બચાવવા માટે રેસ્ક્યૂ ટીમોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગંગનાની વિસ્તાર કુદરતી ગરમ પાણીના કુંડ અને ધાર્મિક મહત્ત્વ માટે પણ જાણીતો છે.

### સાત લોકો સાથેની ઈનોવા કાર ખાઈમાં ખાબકી


કતારગામના સર્કલ ઓફિસર સંજય હડીયાએ જણાવ્યું હતું કે ઉત્તરકાશી ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાંથી મળેલી માહિતી મુજબ, ગંગોત્રી નેશનલ હાઈવે પરથી સાત લોકો સાથેની ઈનોવા કાર ખાઈમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ડ્રાઈવર સહિત કુલ ચાર લોકોનાં મૃત્યુ થયાં છે, જ્યારે બે લોકો લાપતા છે અને એક વ્યક્તિ ઘાયલ થઈ છે. ઘાયલને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મૃતકોમાં સુરતના બે વ્યક્તિ, એક કારચાલક અને સુરેન્દ્રનગરના એક વ્યક્તિનો સમાવેશ થાય છે. સુરતના અશોકભાઈ પટેલના પરિવારમાંથી બે સભ્યોનાં મોત થયાં છે, એક સભ્ય લાપતા છે, જ્યારે તેમનો પુત્ર વેદાંત ઘાયલ થયો છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. આમ, અકસ્માતમાં કુલ ચારનાં મોત, બે લાપતા અને એક ઘાયલ હોવાની સત્તાવાર માહિતી સામે આવી છે.

### અશોક પટેલ વકીલાત કરતા હતા, પુત્રી સરકારી નોકરીની તૈયારીમાં હતી

ઉત્તરકાશી અકસ્માતમાં ભોગ બનેલા સુરતના અશોકભાઈ પટેલ વ્યવસાયે વકીલ તરીકે પ્રેક્ટિસ કરતા હતા. તેમની ૧૯ વર્ષીય પુત્રી રૂતિકાએ ક્ષ્છ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને સરકારી નોકરી મેળવવા માટે તૈયારી કરી રહી હતી. જ્યારે પુત્ર વેદાંત ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહ્યો છે. પટેલ પરિવાર મૂળ ધંધુકા તાલુકાના પચ્છમ ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ પિતાની વકીલાત અને બીજી તરફ પુત્રીનાં સરકારી નોકરીનાં સપનાં હતાં, ત્યારે ઉત્તરકાશીમાં સર્જાયેલી દુર્ઘટનાએ પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

## રોશનીના ઝળહળાટથી સુરત બન્યું રોશન!



તસવીર: હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરત:** દિવાળીના પર્વે સુરત શહેર રંગબેરંગી રોશનીથી ઝગમગી ઊઠ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કરવામાં આવેલી આકર્ષક લાઇટિંગનો નયનરમ્ય નજારો ડ્રોન કેમેરામાં કેદ થયો હતો. રાત્રિના આકાશમાંથી દેખાતું રોશનીથી શણગારેલું સુરતનું આ અદભુત દૃશ્ય દિવાળીના ઉત્સવની ભવ્યતા અને ખુશીનો અહેસાસ કરાવે છે.

# ૧લીએ મર્ડર કર્યું, ઓળખ છૂપાવવા ૩જીએ લાશનું માથું કાપ્યું

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૫**

કતારગામ પોલીસ મથકની હદમાં થયેલી કરપીણ હત્યાનો ભેદ તો ઉકેલાઈ ગયો છે, પરંતુ જેમ જેમ હકીકતો સામે આવી રહી છે, તે અરેરાટી ઉપજાવનારી છે. માત્ર ૧૬૦ રુપિયા જેવી પગારની કટકીના મુદ્દે આરોપીએ સહકર્મીને મોતને ઘાટ ઉતાર્યો હતો. પરંતુ તેનાથી પણ વધુ ક્રૂર વાત એ છે કે ૧લીએ મર્ડર કરી લાશને કબ્રસ્તાનમાં નાંખ્યા બાદ, ઓળખ થઈ જવાના ડરે આરોપી બે દિવસ બાદ લાશ પાસે પહોંચ્યો હતો. મર્ડર કર્યું હતું તે જ દાતરડાથી લાશનું માથું કાપ્યું હતું અને રેલવે પટરી પર ફેંકી આવ્યો હતો.

વસ્તાદેવડી રોડના ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી એક માથા વિનાની લોહીથી લથબથ લાશ મળતા પોલીસ દોડતી થઈ હતી. ખાસ્સી મહેનત બાદ પોલીસ હત્યારા સુધી પહોંચવામાં સફળ થઈ હતી. ખ્રિસ્તી કબ્રસ્તાનની આગળના ભાગે રેલ રાહત કોલોનીમાં રહેતાં ૫૪ વર્ષીય સચિત્રકુમાર નરેન્દ્ર બાલેને પોલીસે દબોચી સઘન પૂછપરછ કરતાં તેણે હત્યા કર્યાની

### કતારગામ હત્યાકેસની હકીકતો અરેરાટી ઉપજાવનારી, માત્ર ૧૬૦ રુપિયા જેવી કટકીના વહેમમાં સહકર્મીને મોતને ઘાટ ઉતાર્યો

કબૂલાત કરી હતી. મૃતકની ઓળખ ૪૪ વર્ષીય સંજીત ઉર્ફે સંજય ભોસલે તરીકે થઈ હતી.

હત્યાનો ઘટનાક્રમ જાણી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. હત્યાનું મોટિવ માત્ર ૧૬૦ રુપિયાની કટકી હતી. સચિત્ર જે ખાતામાં કામ કરતો હતો, તે જ ખાતામાં સંજીત હિસાબની દેખરેખ કરતો હતો. સચિત્રને શંકા હતી કે સંજીત પગારમાંથી દરરોજ ૧૬૦ રુપિયાની કટકી કરતો હતો અને તે રીતે અત્યાર સુધીમાં સંજીતે ત્રીસેક હજાર રુપિયાની કટકી કરી હોવાની સચિત્રને શંકા હતી.

જેથી તા.૧લીના રોજ સચિત્રએ સંજીતને ઘરે બોલાવ્યો હતો. વાતચીત ઝઘડામાં પરિણમી હતી. ઉગ્રતા વધતાં સચિત્રએ દાતરડાનો ઘા ઝીંકી સંજીતને મોતને ઘાટ ઉતારી દીધો હતો. કલાકો સુધી લાશને ઠેકાણે પાડવા સચિત્રએ વિવિધ પ્લાન બનાવ્યા હતાં. છેવટે ૧લીની રાત્રે પાછળના ભાગે કબ્રસ્તાન પર પસંદગી ઉતારી હતી. સંજીતની લાશને કોથળામાં ભરી કબ્રસ્તાનમાં નાંખી દીધી હતી.

જો કે સંજીતની ઓળખ છતી થઈ જશે તો પોતે પણ બચી નહીં શકે, તેવા વિચારો સતત બે દિવસ સંચિત્રને સતાવતા રહ્યા હતાં. તો ૩જીએ રાત્રે તે સંજીતની લાશ પાસે ગયો હતો અને જે દાતરડાથી સંજીતની હત્યા કરી હતી, તે જ દાતરડા વડે તેણે સંજીતની લાશમાંથી માથું કાપી નાંખ્યું હતું. માથું થેલીમાં ભરી તે વહેલી સવારે અલકાપુરી બ્રિજ પહોંચ્યો હતો અને રેલવે ટ્રેક પર ફેંકી દીધું હતું.

સામાન્ય લાગતો હત્યાના કેસની વધુ હકીકત જાણી પોલીસ પણ ચોંકી ઉઠી છે. માત્ર નજીવી રકમની તકરારમાં સહકર્મીને મોતને ઘાટ ઉતાર્યો. એટલું જ નહીં, બે દિવસ બાદ લાશનું માથું કાપ્યાની વાત પોલીસ માટે પણ અરેરાટી ઉપજાવનારી છે.

# ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરા કૌભાંડમાં આખરે સી.ડી. ટ્રાન્સપોર્ટને 'રામ-રામ'

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતના ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરાના વિશાળ ડુંગર ખડકાવા, વારંવાર આગના બનાવો બનવા અને કામગીરી સામે સતત સવાલો ઊઠવા છતાં લાંબા સમય સુધી કોઈ નક્કર કાર્યવાહી નહીં કરનાર પાલિકા તંત્રએ આખરે સી.ડી. ટ્રાન્સપોર્ટ એજન્સીને વિદાય આપી છે. ત્રણ વર્ષ નવ મહિનાથી વધુ સમય સુધી વિવાદોમાં રહેલી એજન્સીને કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થવાના એક દિવસ પહેલાં જ ૧૩ પાનાની નોટિસ ફટકારી કામગીરી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રૂ.૨૮૪ કરોડના કુલ કોન્ટ્રાક્ટ સામે અત્યાર સુધીમાં રૂ.૧૩૩ કરોડ ચૂકવાયા છે, જ્યારે બાકીના રૂ.૧૫૧ કરોડનું ચૂકવણું અટકાવી દેવામાં આવ્યું છે. હવે ડ્રોન સર્વેના આધારે કચરાના જથ્થાનો હિસાબ મેળવી એજન્સીની જવાબદારી નક્કી કરવાની દિશામાં પાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે.

સુરત શહેરમાંથી દરરોજ અંદાજે ૩ હજાર મેટ્રિક ટન કચરો નીકળે છે. આ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી વર્ષ ૨૦૨૩માં વાપીની સી.ડી. ટ્રાન્સપોર્ટ એજન્સીને સોંપવામાં આવી હતી. શરૂઆતમાં ત્રણ વર્ષ માટે અંદાજે રૂ.૨૧૩ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જોકે, કામગીરીના પ્રારંભથી જ એજન્સી વિવાદોમાં રહી હતી. જાન્યુઆરી ૨૦૨૬માં ત્રણ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ પણ આપી હતી. વિભાગના વડા સ્મિત લોઢાએ જણાવ્યું હતું કે સી.ડી. ટ્રાન્સપોર્ટની કામગીરીની મુદત પૂર્ણ થતાં એજન્સીને આગળ કામગીરી નહીં કરવા સૂચના આપી દેવામાં આવી છે. કામગીરી દરમિયાન ઊભા થયેલા પ્રશ્નો અને કચરાના જથ્થા અંગે ખુલાસો માગવામાં આવ્યો છે. એજન્સીનો દેવામાં આવ્યું છે. પાલિકા હવે એજન્સીએ કેટલો કચરો સાઈટ પર ઠાલવ્યો, કેટલા જથ્થાનું પ્રોસેસિંગ કર્યું અને કેટલો કચરો હજુ સાઈટ પર બાકી છે તેનો તાળો મેળવવા માગે છે. આ માટે ડ્રોન સર્વે કરાવવામાં આવ્યો છે. સર્વેના આધારે કચરાના વાસ્તવિક જથ્થાની વિગતો મેળવી

બીજી તરફ ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરાના વિશાળ જથ્થાનો ભરાવો અને વારંવાર આગ લાગવાની ઘટનાઓએ એજન્સીની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા. આગના કારણે ફેલાતા ધુમાડાથી આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણની ચિંતા પણ વધી હતી. આમ, સાડા ત્રણ વર્ષથી વધુ સમય સુધી વિવાદો અને આક્ષેપોથી ઘેરાયેલી સી.ડી. ટ્રાન્સપોર્ટ એજન્સીની કામગીરીનો અંત આવ્યો છે. જોકે, હવે સૌથી મોટો સવાલ એ છે કે ખજોદ સાઈટ પર ખડકાયેલા કચરાના ડુંગર અને કામગીરીમાં થયેલી બેદરકારીની જવાબદારી કોની નક્કી થશે? સાથે જ અટકાવાયેલા રૂ.૧૫૧ કરોડનું ચૂકવણું થશે કે એજન્સી સામે દંડાત્મક કાર્યવાહી થશે, તેના પર સૌની નજર મંડાઈ છે.

### કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થવાના એક દિવસ પહેલાં પાલિકાની ૧૩ પાનાની નોટિસ, કામગીરી બંધ કરવાનો આદેશ

પાલિકાએ એજન્સીને વધુ સમય માટે કામગીરી સોંપી હતી. વધારાના સમયગાળા માટે અંદાજે રૂ.૭૧ કરોડનો ખર્ચ નક્કી થતાં કુલ કોન્ટ્રાક્ટની રકમ રૂ.૨૮૪ કરોડ સુધી પહોંચી હતી. તેમ છતાં ખજોદ સાઈટ પર કચરાનો ભરાવો અને આગના બનાવો અટક્યા નહોતા. એજન્સીના કોન્ટ્રાક્ટની સમયમર્યાદા ૪ નવેમ્બરે પૂર્ણ થવાની હતી. જોકે, પાલિકા તંત્રએ ૩ નવેમ્બરની સાંજે જ કડક ભાષામાં ૧૩ પાનાની નોટિસ ફટકારી એજન્સીને હવે પછી કામગીરી નહીં કરવા સ્પષ્ટ સૂચના જવાબ મળ્યા બાદ નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રૂ.૨૮૪ કરોડના કોન્ટ્રાક્ટ સામે અત્યાર સુધીમાં એજન્સીને રૂ.૧૩૩ કરોડ ચૂકવવામાં આવ્યા છે. જ્યારે બાકીના રૂ.૧૫૧ કરોડનું ચૂકવણું હાલ અટકાવી કામગીરીની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ નાણાકીય જવાબદારી અને નિયમોના ભંગ અંગે નિર્ણય લેવામાં આવશે. સી.ડી. ટ્રાન્સપોર્ટની કામગીરી દરમિયાન મહુવાના કાંકરિયામાં બારોબાર કચરો ઠાલવવાનો મામલો પણ સામે આવ્યો હતો.










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.